અનન્ય પરિવર્તન

November 2018, Mumbai • Volume 8 • Issue 6

Mission 2020
Gala Launch



કાર્તિક પૂર્ણિમા મહોત્સવ – રાજનગર, પર્લી









With Best Compliments From
Nimesh Randhir Jhaveri, Mumbai

અનુક્રમણિકા

પ્રાર્થના ૩

પૂજ્યશ્રીની સાથે - વચનામૃતની વાટે ૪

જ્ઞાન સાગર ૬

पूज्यश्री की अमृतवाणी ૧૦

THE MASTER'S VOICE ૧૩

શ્રીમદ્ રાજચંદ્ર અંતર ચારિત્ર - એક સંશોધનાત્મક પ્રયાસ ૧૭

પ્રશ્નોત્તરી ૨૦

સત્પુરુષાર્થ ૨૨

जिन शासन की कीर्तिगाथा ૨૪

પ્રેરક પ્રસંગ ૨૫

કાર્તિક પૂર્ણિમા મહોત્સવ, રાજનગર, પર્લી ૨૬

પૂજ્ય કુંવર મા ૩૦

તારા ભક્તની કઠિનાઈ ૩૩

SRATRC, KOLKATA ૩૪

R.I.Y.F. ૩૬

WAY TO NIRVAN ૩૮

કોલકાતા સેન્ટર દ્વારા ઉજવાયો.. કાર્તિક પૂર્ણિમા મહોત્સવ ૩૯

સમાધિ મરણ ૪૦

શ્રી રાધાવતાર ૪૩

જાણ્યું-અજાણ્યું-લખાણું ૪૭

HEALTH TO HAPPINESS ૪૮

KIDZONE ૪૯

RECENT NEWS ૫૦

TASTY BITES ૫૨

તત્ત્વ ઉકેલ ૫૩

FORTHCOMING EVENTS & FROM US TO YOU ૫૪

SPONSORSHIP ૫૬



શ્રીમદ્ રાજચંદ્રના જન્મને આ વર્ષની કાર્તિક પૂર્ણિમાના ૧૫૧ વર્ષ પૂર્ણ થશે. ફક્ત ૩૩ વર્ષના ટૂંકા જીવનમાં તેઓશ્રીએ સ્વપુરુષાર્થબળે લગભગ કેવળજ્ઞાનની આત્મિક દશા સુધી પહોંચી ગયા હતાં અને સાથે સાથે છૂટવાના કામી જીવો માટે ભગવાન મહાવીરે પ્રરૂપેલ યથાર્થ આત્મધર્મ, જે કેટલાય દાયકાઓથી લૂપ્ત થઈ ગયો હતો, તેને એક નવા જ સ્વરૂપમાં ઝળહળીત કર્યો.

પરમ કૃપાળુદેવના સ્વયં સ્ફૂરિત આધ્યાત્મિક કાવ્યો, મુમુક્ષુઓને લખેલ પત્રો અને બીજા લખાણોમાં આત્મજ્ઞાન પ્રાપ્તિ અને આત્માની મુક્તિના જે રહસ્યમય સિદ્ધાંતો છૂપાયેલા છે, તેનો ઉઘાડ એ જ કરી શકે જેને તેમની સાચી ઓળખાણ થઈ હોય અને તેમણે દર્શાવેલ પુરુષાર્થની રીતોને પ્રયોગમાં મુકી તે વચનોની યર્થાર્થતા અનુભવે પુરવાર કરી હોય. પરમ પૂજ્ય પ્રેમાચાર્યજી, આત્મઅનુભવી પુરુષ, જે રીતે શ્રીમદ્ના વચનોનો ઉઘાડ કરે છે, એ જાણી-સાંભળી આશ્ચર્ય સહ આનંદ થયા વિના ન રહે. આત્મ આકાંક્ષી જીવો અને સંસારથી દુઃખી જીવોને સત્‌ધર્મની પ્રાપ્તિ થાય, તેઓ પણ મુક્તિ પંથે આગળ વધે એ લક્ષથી આજથી ૧૩ વર્ષ પૂર્વે તેમણે ''શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર''ની સ્થાપના મુંબઈથી નજીક ખપોલીના પર્લી ગામમાં કરી.

તેઓશ્રીનું વીઝન એ પણ હતું કે આધ્યાત્મિકતાની સાથે સાથે આજુબાજુના પછાત ગામો અને તેમાં રહેનારી પ્રજાનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક વિકાસ પણ થવો જોઈએ. તે માટે માનવસેવાના કાર્યોની શરૂઆત પણ કરી. આજે આશ્રમ સ્થાપિત શાળામાં આશરે ૧૧૦૦ આદિવાસી છોકરાં-છોકરીઓ અંગ્રેજી માધ્યમમાં ભણી રહ્યા છે. મહિલાઓને ખાખરા બનાવવાની તાલિમ આપી, સંસ્થાની આ એક્ટિવિટીમાં તેઓ આર્થિક સ્વતંત્રતાના માર્ગે દોર્યા છે. ગ્રામીણ લોકોની સ્વાસ્થ્ય સુધારણા માટે મેડિકલ સેન્ટરની સ્થાપના પણ થઈ છે.

એ તો સ્વાભાવિક છે કે માનવસેવા કાર્યોને આગળ વધારવા ફંડની જરૂરિયાત નિરંતર રહ્યા જ કરે અને માટે જ રીસર્ચ સેન્ટરે કાર્તિક પૂર્ણિમાના શુભ દિને એક ખાસ યોજના મીશન ૨૦-૨૦ની જાહેરાત કરી છે, જે વિશે આ અંકમાં વાંચશો અને આ કાર્યમાં જોડાઈ શકાય છે.


પ્રાર્થના

રાજ તું રાજ તું,
રાજ તું તારણહાર રે,
તુંજ નાવિક અમારો
તુંજ કરીશ નૌકા પાર રે...

દેવ માના કુખે પધાર્યા,
રવજીભાઈના પુત્ર પ્યારા,
પંચાણભાઈના લાડકવાયા
રાજ તું રાજ તું...

બાળપણથી હૈયુ તમારૂં,
દયા અને અનુકંપા વાળુ,
ત્યાગ વૈરાગ્ય ને ચાહવાવાળુ,
રાજ તું રાજ તું...

ગાંગેય અણગારના ભાંગા ના અર્થ જાણતા
ને મુનીને પોતે સમજાવતા,
નહીં કહેતા ધારશીભાઈને,
અહો કેવી રે ગંભીરતા રે!!



ગાંધીજી જમશેદજી જેમને માનતા
જ્યોતિષની હર વિદ્યા જાણતા
દસ વિદ્વાનો એ જેમના ગ્રહ પરમેશ્વર ઠરાવ્યા
અદભૂત અવધાન કરી બતાવ્યા.

ભક્તિ શું છે ? આજ્ઞા શું છે ?
શું છે મધ્યસ્થતા ને સરળતા રે ?
એમના થકી સમજી શક્યા
શું છે પ્રેમ શ્રદ્ધા અર્પણતા રે!!

તો આવા છે કૃપાળુ મારા
મહાવીરના પરમ શિષ્ય પ્યારા
બુડનારને તારનારા
મોક્ષમાર્ગ પ્રગટાવનારા,
રાજ તું રાજ તું!!

પૂજ્યશ્રીની સાથે – વચનામૃતની વાટે

પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીના પવિત્ર અંતઃકરણમાંથી પાછલા બે મહિનાની પરમ જ્ઞાન સભામાં સ્ફુરાયમાન થયેલ અમૃત વચનો અહીં પ્રગટ કરીએ છીએ.

આ વચનોમાં કંઈક નવીનતા, અદ્‌ભુતતા અને સુગંધ સ્પર્શ કરશે. જીવ જો આને સમજશે, વિચારશે, ફરી ફરી વાગોળશે, તેના ઉપર ઊંડું ચિંતવન, મનન કરશે તો વચનોમાં રહેલ રહસ્ય, આશય અને મર્મ પકડાશે જે તેના અંતરમાં પરિવર્તન કરી અનન્ય પદાર્થની પ્રાપ્તિનો ઉત્સાહી પુરુષાર્થ ઉપાડવાની પ્રેરણા આપશે.

- અનાદિકાળથી જે દોષ આપણી પાસે ચાલી આવે છે, સંસારનો રાગ, મોહ કહીએ આ એક ભવમાં છૂટી જાય એવું તો ન બને. પણ એવું કંઈ કરી શકીએ કે આવતા થોડા ભવોની અંદર આ દોષો, સૌથી મોટો સંસાર મોહ તૂટી શકે છે. પણ મોહ કેવી રીતે તોડવો એ લક્ષે આ ભવમાં પ્રેક્ટીસ કર્યા જ કરવી જોઈએ. અત્યંત અત્યંત બળવાન શ્રદ્ધા થાય કે મોટા પુરુષો, ભગવાન મહાવીર, ગૌતમ સ્વામી, પરમ કૃપાળુ દેવ વિગેરેએ જે કહ્યું છે એ અત્યંત અત્યંત સાચું છે; એમ સમજી અને પુરુષાર્થ કરવામાં આવે તો સંસાર મોહનું જે બળવાન કર્મ છે એ ક્રમશઃ, ચોક્કસ તૂટતું જાય અને થોડા ભવોની અંદર એ પૂરેપુરું તૂટી જાય.

- ઘણાને અનુભવ છે કે કેટલું અઘરું છે. વર્ષોથી પ્રેક્ટીસ કરો તો પણ એક સ્વાદ ઉપર કન્ટ્રોલ આવી શકતો નથી. જો સ્વાદ ઉપર કન્ટ્રોલ ન હોય તો પછી સ્વભાવ ઉપર કન્ટ્રોલ આવે જ ક્યાંથી?

  કહેવાનો આશય એ છે કે જ્યારે જેવું ફળ જોઈતું હોય એને અનુરૂપ પુરુષાર્થ થવો જોઈએ.

  પુરુષાર્થનો અર્થ એક જ થાય છે; 'જે કંઈ સારું લાગે છે એના પ્રત્યેનો મોહ ઓછો એટલે કે સંસારનો મોહ ઓછો કરવાનો પ્રયત્ન.'

- જે જગ્યાએ તમને મોહ દેખાય છે, આખી જિંદગી તમે એ મોહને છોડી નહીં શકો પણ આ

છોડવા જેવું છે, મારે આ છોડવું જોઈએ એટલી સમજ હોય અને જ્યારે એ પદાર્થ ખવાઈ જવાય, બને ત્યાં સુધી પ્રયત્ન કરવો કે એ પદાર્થથી દૂર રહીએ.

મોહના પદાર્થથી દૂર રહેવાનો પ્રયત્ન તમે કરશો પણ પૂર્વ કર્મના કારણે એ પદાર્થ - (જડ હોય કે ચેતન) સાથે કોઈપણ પ્રકારનો આપણો સંબંધ છેજ એટલે બાધા લીધા પછી પણ બનવા જોગ છે કે એ બાધા તૂટી જશે, તોડશો નહીં, તૂટી જશે. જે કંઈ બાધા લીધી હોય એ તૂટી ગયા પછી યાદ આવશે, 'અરે, આ ભૂલ થઈ ગઈ.' ત્યારે બોલાશે કે, 'આ મારે ન કરવા જેવું થઈ ગયું છે... હે પ્રભુ! આપની સાક્ષીએ મને ધિક્કાર, ધિક્કાર; હવે, આ પદાર્થ ન જોઈએ, ન જોઈએ.'

આખી જિંદગી જે પદાર્થથી છૂટવું છે એના માટે જો નકાર ભાવ ચાલ્યા કરે તો ભવિષ્યમાં એ કર્મ તૂટતું જાય છે. જડ કે ચેતન જે જે પદાર્થો છે એની સાથે અનેક જન્મોનો જે ઋણાનુબંધનો સંબંધ છે એ તમે ધિક્કાર કરીને ના પાડો છો, તો એ તૂટતું જાય છે.

- જીવને લોભનું કારણ રહ્યા જ કરે છે એનો ઉપાય એક જ છે; અંતરમાં રહેલા આત્મતત્વને આપણે યથાર્થ રીતે સમજીએ તો ચોક્કસ એવું સમજાય છે કે આ ચિત્રવિચિત્રતા જે કંઈ દેખાતી હોય, જે લોભામણી લલચાવતી હોય એવી જે આશા છે એ બધું કરેલા કર્મના કારણે છે. આટલી સમજણ પડ્યા પછી હવે એવા કર્મ ન જ થવા જોઈએ કે જે બળવાન દુઃખના કારણ થાય.
- એક રસેન્દ્રિયને વશમાં રાખવામાં આવે તો પછી બીજી ઈન્દ્રિયો પણ ક્રમશઃ વશમાં આવે છે.
- ઘણીવાર એટલા બધા ભાવથી ભગવાનની ભક્તિ - પૂજા અથવા પોતે એકલા જાણતા હોય એવા પોતાના દોષોની ક્ષમાપના પરમ કૃપાળુ દેવની સામે બેસીને થતી હોય છે. ઘણા લોકોનો આ અનુભવ હશે જ કે એ રીતે બેઠા હો ત્યારે આંખમાંથી ચોધાર આંસુ જતા હોય છે. અડધો કલાક એ ભાવમાં રહેતાં બરાબર ખબર પડે છે કે હૃદયના ઊંડાણમાંથી, આત્માથી જ ક્ષમાપના ચાલેલી છે.

  પછી સંસારમાં પાછા જઈએ છીએ ત્યારે જો માર્ગમાં વધારે ઊંડા ઉતરેલા હોઈએ તો ૧-૨ દિવસ એવા ભાવ ચાલે, પછી જેટલા ફોર્સથી ક્ષમાપના ચાલતી હતી એટલા જ રાગ કે પ્રેમથી સંસાર ભાવમાં જોડાઈ જઈએ છીએ. પણ જે દશા હતી, એ દશા જો કન્ટીન્યુ રહે તો અનંતા અનંતા કર્મોનો ક્ષય થાય.
- જે વસ્તુની તીવ્ર ઈચ્છા થાય અથવા જે પદાર્થ પ્રત્યે તીવ્ર રાગ છે અને આત્માની સમજણ પડી ગઈ છે કે રાગ કરવાનો નથી... મારે રાગ કરવો નથી એનો નકાર ભાવ ચાલે.

સમકિતનું સરનામું



છ પદનો પત્ર, આત્મસિદ્ધિનું વાંચન ઘણાએ કર્યું હશે. વાંચન કર્યા છતાં જોઈએ એવું પરિણામ આજ સુધી આવ્યું નથી. એનું કારણ શું ? ખૂબ ધ્યાન દઈને સાંભળશો પછી ખૂબ વિચાર, ઊંડાણથી ચિંતન કરશો તો ઘણા ઓછા સમયની અંદર ઘણું વધારે સમજાશે.

આપણે બધા અનાદિકાળથી સંસાર ભોગવીએ છીએ અથવા એમ કહીએ અનાદિ કાળથી દરેક ક્ષણ જડ પદાર્થનાં પરિચયમાં રહ્યા છીએ. અનાદિકાળથી આજ સુધી ધર્મના નામે જે કંઈ પણ કરેલું છે ત્યારે પણ એ સંસાર ભાવ, જડ પદાર્થને જ ઓળખેલા છે; સંસાર પ્રત્યે દરેક ક્રિયા... એનો જ વિચાર કર્યો છે.

હું જે અર્થ સમજું છું એનાં કરતાં આત્માર્થથી જ્યારે સમજશો ત્યારે ખૂબ જ આશ્ચર્ય અને પાર વગરનો આનંદ થશે.

પરમ કૃપાળુ દેવના વચનામૃત, જ્ઞાનીના વચનો અત્યંત સહજ અને સાધારણ હશે અને લાગશે કે મને સમજાઈ ગયું. સંસાર ભાવથી અત્યાર સુધી જિંદગીમાં જે તમે સમજેલા છો એના કરતાં કંઈ નવું નથી સમજ્યા. અને જ્યાં સુધી નવું ન સમજો ત્યાં સુધી આત્માની ભાષા પણ સમજ્યા નથી તો આત્માને કેવી રીતે ઓળખી શકીએ ?

પરમ કૃપાળુ દેવના કે કોઈ પણ જ્ઞાનીના પુસ્તક તમે વાંચો ત્યારે લક્ષ એ ચોક્કસ રાખજો કે જ્યારે જ્યારે વાંચન કરો, ભલે ગમે તેટલી વાર લાગે પણ એક એક અક્ષરનો વિચાર કરજો અને દરેક વખતે ફીલ થવું જોઈએ, અનુભવ થવો જોઈએ કે અત્યાર સુધી હું સમજ્યો છું એના કરતાં ઘણું વિશેષ વિશેષ હવે મને સમજાય છે.

અનાદિકાળથી આજ સુધી સંસાર ભોગવીએ છીએ અથવા જ્યારે જ્યારે દેહ મળ્યો છે મનુષ્યના રૂપમાં, દેવ કે નારકીના રૂપમાં ત્યારે જે જે કંઈ વાંચનમાં સમજવામાં આવે એના ઉપર ઊંડાણથી વિચારી અને તમે જે જાણો છો એનાથી કંઈ જુદો અર્થ નીકળવો જોઈએ.

સમકિતી જીવ જો નરકમાં જાય છે તો ત્યાં બાંધેલા અશુભ કર્મને અત્યંત સમતા ભાવે ભોગવે છે અને ભૂતકાળમાં જે કંઈ સમકિતની સમજણ લીધી છે એનો વિશેષ વિચાર કરે છે. એવી રીતે દેવગતિમાં પણ આ જાતનો પુરુષાર્થ હોય છે.

'અનન્ય શરણાના આપનાર'

અન્ + અન્ય એટલે એના જેવું આખા લોકમાં બીજું એકેય નહીં તેવું.

આત્મપ્રાપ્ત સદ્‌ગુરુ વગર ત્રણે કાળની અંદર મોક્ષ માર્ગ ન જ મળે. અંતરંગથી, અનુભવથી જેને ઓળખી શકીએ એજ સાચો સત્પુરુષ.

આ છ પદના પત્રમાં આત્મપ્રાપ્ત સદ્‌ગુરુની વાત કરીએ છીએ ત્યારે ચોક્કસ સમજવાનું છે કે આત્મપ્રાપ્ત સદ્‌ગુરુ વગર ત્રણે કાળમાં મોક્ષ માર્ગ ન જ મળે.

આત્મપ્રાપ્ત પુરુષ એના જેવો બીજો કોઈપણ નહીં. અનાદિકાળથી આજ સુધી એવો પુરુષ મળ્યો જ નથી. કદાચ એવા પુરુષની ઓળખાણ થઈ હોય તો એ આત્મ પ્રાપ્ત પુરુષ છે, એ આત્મા પ્રાપ્ત કરી શકાવે એવો સમર્થ છે એ રીતે એને ઓળખેલો નથી. આ ભવની અંદર એવા સત્પુરુષ મળેલા છે ? ૧૦૦/૫૦૦/૧૦૦૦ લોકો કહે કે એ સત્પુરુષ છે તો એ સત્પુરુષ નથી; અંતરંગથી, અનુભવથી જેને ઓળખી શકીએ એજ સાચો સત્પુરુષ.

સંસારમાં રહેતા જીવને કોઈ ને કોઈ પ્રકારનું અવલંબન જોઈએ જ છે. કોઈ એવી વ્યક્તિ આ પૃથ્વીના પટ ઉપર નહીં જડે જેણે કોઈને કોઈ પ્રકારનું શરણ, કોઈ ને કોઈની પાસેથી ન લીધું હોય. જુદા જુદા સમયે જુદું જુદું શરણ જીવે લીધું જ છે.

સૌજન્ય : આયાન અને આર્યન ભાવીન ગાંધી, જમશેદપુર

જ્યાં સુધી પોતે પોતાને ઓળખે નહીં કે 'હું આત્મા છું' ત્યાં સુધી જીવ સાચો ધર્મ, આત્મધર્મ કરી જ ન શકે. મોટા ભાગના જૈનો ચાર અઘાતિ કર્મ ઉપર જ પુરુષાર્થ કરે છે તો એનું ફળ આત્માને નહીં, શરીરને મળે.

આજે ઘણા ઘણા લોકો કહે છે કે અમને સત્પુરુષની જરૂર નથી. આટલા બધા શાસ્ત્રો છે એ અમે વાંચી આગળ વધી શકશું. પણ જે શાસ્ત્રો છે એ પણ સત્પુરુષે લખેલા છે તો એ શાસ્ત્રોમાંથી કંઈ પ્રાપ્ત ત્યારે જ થઈ શકે જ્યારે સત્પુરુષનું સત્શ્રુત આપણે સમજતા હોઈએ તો !

ભગવાન મહાવીરના આગમોમાં અદ્ભુત અદ્ભુત લખેલું છે, પણ જો સત્પુરુષની અદ્ભુતતા સમજી નથી, આ વચનોનો પરમાર્થ સમજેલા નથી તો કોઈ પણ પ્રકારે આગળ વધી ન શકાય.

ઘણા કહેતા હશે આ હું મારી જાતે શીખ્યો છું. પણ વિચાર કરી જોજો કોઈ એક વસ્તુ પણ એવી નહીં હોય જે તમે તમારી મેળે શીખેલા હશો. કોઈ એક વસ્તુ શીખી હશે, પછી એના પેટામાં ઘણી વસ્તુ શોધી હશે. અવલોકન દ્રષ્ટિથી આપણે શીખીએ છીએ.

જે માર્ગને કોઈ ભવમાં આજ સુધી ક્યારેય જાણેલો નથી એવું જે આત્મજ્ઞાન જીવ પોતે પોતાની રીતે પ્રાપ્ત કરી લ્યે એ લગભગ અસંભવ છે. સમર્થ એવા ગુરુના આશ્રયે જ આ કામ થયું હોય છે.

કોઈ પ્રકારના ભયને ટાળવા માટે કે સુખ સગવડતાની વૃદ્ધિ માટે કોઈકનાં શરણાં લીધા જ છે. ટૂંકાણમાં કહીએ તો જીવને સુખ જોઈએ છે પણ એવું સુખ ક્યારેય મળતું નથી કે જે સુખનો ક્યારેય નાશ ન થાય. આમ આશામાં અને ઠગારી આશામાં ઝાંઝવાના પાણીને લેવા દોડી તૃષા છીપાવવા ઈચ્છે છે ને ખુવાર થાય છે. સંસારી જીવોના શરણાથી થાકે છે ત્યારે ધર્મના નામે લાખો જગ્યાએ આસ્થા કરી, શરણું ઈચ્છી સુખ ઈચ્છે છે, નિરંતરનું સુખ ઈચ્છે છે; પરંતુ કોઈ કરતાં કોઈ શરણું તે સુખ આપવા સમર્થ નથી જ થતું.

આત્માનો મૂળભૂત ગુણ એ આનંદ (સુખ) છે. આપણે આત્માને ઓળખીએ કે ન ઓળખીએ એ દરેક વખતે સુખ માંગે છે. આત્મા મન-ચિત્ત બુદ્ધિથી મેસેજ આપ્યા જ કરે છે કે સુખ જોઈએ છે.

આત્મા જ્ઞાન સ્વભાવી છે. આખા બ્રહ્માંડમાં બીજા કોઈ પદાર્થની અંદર જાણકારી, બોધ કે જ્ઞાન નથી. પણ શરીર, ઈન્દ્રિયો મારફત આજે આપણે મનને અનેક જુદી જુદી જગ્યાએ દોડાવીએ છીએ, સુખ ઇચ્છીએ છીએ કે ક્યાંથી સુખ મળે, ક્યાંથી સુખ મળે ?

અનેક લોકો ખૂબ ખુવાર થાય અને સુખ નથી મળતું ત્યારે ઘણા લોકોને થાય કે ગ્રહણ કરવાથી સુખ નથી મળતું તો ત્યાગ કરીએ તો

સુખ મળશે. સુખ માટે ધર્મનું શરણ ગ્રહણ કરે છે પરંતુ ખરેખર ધર્મ શું એ પણ ખબર નથી. આપણે કોણ છીએ એ ખબર ન હોય તો આપણો ધર્મ શું એ ક્યાંથી ખબર હોય? 'હું આત્મા છું' એ ખબર પડે તો મારો ધર્મ આત્મધર્મ' હોઈ શકે. પરમ સુખ જે આત્માનો મુખ્ય ગુણ છે એ આત્મા પ્રાપ્ત થવાથી અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થઈ શકે છે.

જીવને 'હું શરીર છું' એમ સમજાણું માટે શરીરનો ધર્મ શરૂ કર્યો, આત્માને ભુલીને. જે જે ધર્મની ક્રિયાઓ છે એ દેહથી અને પાંચ ઈન્દ્રિયોથી કરેલી છે. આત્માથી ધર્મ, વિચાર ક્યારેય કર્યો નથી. દેહનો ધર્મ કરીએ તો એનું ફળ શરીરને મળે.

ચાર અઘાતિ કર્મ (નામ, ગોત્ર, આયુષ્ય, વેદનીય) ઉપર જ આખી દુનિયા ધર્મ કરે છે. પુણ્ય બાંધે તો સંસારની સમૃદ્ધિ વધે, જાહોજલાલી, અધિકાર વધે. પુણ્ય ઉપાર્જન થાય તો એ સુખ ભોગવવા દેવલોક જવું પડે.. પાપ બાંધે તો તીર્યંચ, નરક જઈ પાપ ભોગવવું પડે.

જ્યાં સુધી પોતે પોતાને ઓળખે નહીં કે 'હું આત્મા છું' ત્યાં સુધી જીવ સાચો ધર્મ, આત્મધર્મ કરી જ ન શકે. મોટા ભાગના જૈનો ચાર અઘાતિ કર્મ ઉપર જ પુરુષાર્થ કરે છે, જે શરીર સાથે કનેક્ટેડ છે તો એનું ફળ આત્માને નહીં, શરીરને મળે.

મુખ્યપણે ઘાતિ કર્મ (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય) જે આત્માને ઘેરી, એને મારે છે એનો જીવને લક્ષ જ નથી આવતો કે કેવી રીતે પુરુષાર્થ કરી અવ્યાબાધ સુખની પ્રાપ્તિ કરીએ.

જ્યાં સુધી જન્મ-મરણના ફેરામાંથી ન છૂટીએ ત્યાં સુધી અવ્યાબાધ સુખ (સુખનો ક્યારેય નાશ ન થાય, સુખ પછી દુઃખ ન હોય) પ્રાપ્ત થઈ જ ન શકે.

જ્યારે જીવ સુખનો વિચાર કરે છે ત્યારે સૌથી મોટું દુઃખ શું છે જેને ટાળીએ તો સુખ મળી શકે.

પણ જીવને ભવોભવથી ખબર જ નથી સૌથી મોટું દુઃખ શું છે? જન્મ-મરણના ફેરા એ સૌથી મોટું દુઃખ છે. જ્યાં સુધી જન્મ મરણ રહેશે ત્યાં સુધી આ મોટામાં મોટું દુઃખ રહેવાનું જ છે. સુખના ગમે તેટલા વિચાર કરીએ તો પણ છેલ્લે દુઃખ હશે, હશે ને હશે. મૃત્યુને કારણ તો જોઈશે જ અને એ કારણનું જોઈશે નામ વ્યાધિ હશે, શરીરના ભયંકર રોગો હશે અથવા એક્સીડન્ટ વગેરે.

સૌથી મોટા દુઃખના કારણો જન્મ - જરા - મૃત્યુ જ છે એનો જીવને લક્ષ પણ નથી આવતો. જન્મ લીધો તો મૃત્યુ સાથે આવે જ છે.

મૃત્યુ થયું ત્યાં તરત જ બીજો જન્મ લઈ લીધો. જ્યાં સુધી જન્મ-મરણના ફેરામાંથી ન છૂટીએ ત્યાં સુધી અવ્યાબાધ સુખ (સુખનો ક્યારેય નાશ ન થાય, સુખ પછી દુઃખ ન હોય) પ્રાપ્ત થઈ જ ન શકે. ◆

સૌજન્ય : ધર્મેશ મગનભાઈ લાખાણી, યુ.એસ.એ.

मूल मार्ग रहस्य

''मूल मारग सांभळो...'' इस पदमें परम कृपालु देव ने अत्यंत संक्षिप्तमें मोक्ष का मार्ग दिया है और एक एक लाईनमें बहुत सारे रहस्य है। यह पद के एक एक अक्षर को अत्यंत गहराई से, उसमें जो लिखा है उस पर पुरुषार्थ (चिंतन–मनन) करना चाहिए। ऐकाग्रता शुरआत में भले ही बुद्धि से होती हो लेकिन सद्गुरु के आश्रय से जो कुछ मार्गदर्शन मिलता है उस प्रकार से आचरण करने से जरूर आत्मसात होता है।

करी जो जो वचन नी तुलना रे;
जो जो शोधीने जिन सिद्धांत...।

परम कृपालु देव जो कुछ कह रहें है और जो कुछ कहने वाले है, उसकी तुलना आप शास्त्रों के साथ जरूर से करके देखना। आपको जरूर से पता चलेगा कि कोई भी तीर्थंकर ने मोक्ष का जो मार्ग कहा है, वही मार्ग वह गुजराती भाषा में कह रहें हैं।

इस संसार में मुख्यतया छः (६) दर्शन है, उसके अंतर्गत दूसरे और दर्शन है। उन सबके साथ भी हमारे वचन की तुलना करके देखो और फिर तय करो कि कौन सा वचन कितना सच्चा है। अब छोटी उम्र है तो कहोगे कि पढ़ते है, बड़ी उम्र हुई तो संसार में फँसे है, उससे ज्यादा बडी उम्र हुई तो बिझनेस में फँसे है, तो इस तरह के विचार करने का समय ही कहाँ है? आत्मा के वैभव की वास्तव में जानकारी और आत्मा का साक्षात्कार हो जाये तो जो कुछ संसार में करते हैं उससे ज्यादा अच्छे परिणाम आते हैं ऐसी समझ हमें अनादिकाल से आज तक सच्चे अर्थ में मिली ही नहीं। लेकिन इतनी तो हम सबको बराबर खबर है कि भगवान जो चाहे हो सकता है। आपको कहें कि पंद्रह किलो सोना या जो चाहिए वह दे दे और एक रुम में बैठा दे, बाहर से ताला लगा दे और कहें कि तुम्हारी जो इच्छा थी, वह तुम्हे दे दिया। अभी जलसा करो और आठ पंद्रह दिन तक दरवाजा न खोलें तो कहेंगे कि एक रोटी का टुकडा दे दो और यह सारा सोना ले जाओ। अर्थात यह सब चीजें कल्पना कहें, हमारी मान्यता कहें, वही मान्यता का सुख है। परम कृपालु देव का वचन है, सुपारी के जितना एक साफ माणिक हो जिसमें एक भी दाग न हो तो ऊस जमाने में करोडों की किंमत होती थी। यदि वह हमारे पास हो तो मान्यता का सुख है, उसे लेकर दुसरा कुछ सुख तो मिल नहीं सकता। अनेक भवों से हमारी जो आदत है, उसके कारण हमें सबसे

अनेक भवों से हमारी जो आदत है, उसके कारण हमें सबसे ज्यादा सुख या दुःख हमें हमारी मान्यता का लगता है, दूसरा कोई नहीं।

ज्यादा सुख या दुःख हमें हमारी मान्यता का लगता है, दूसरा कोई नहीं। हम मानते हैं कि पत्नी को ऐसा ही करना चाहिए। अगर उसकी मान्यता कुछ अलग है तो हम दुःखी हो जाते हैं। इस तरह देखें तो हरेक जगह एक ग्रंथि बाँध ली है कि यह वस्तु ऐसे ही होनी चाहिए। दूसरी तरफ, जिसके साथ हमारा डायरेक्टली कोई भी संबंध नहीं, सिर्फ हमारे मन में विचार है, ऐसा ही होना चाहिए और यदि ऐसा नहीं होता तो हमे दुःख नहीं लगता क्योंकि वह व्यक्ति पराई है।

सारा शास्त्र एक समझ के आधार पर ही रहा है।

''जो जो शोधीने जिन सिद्धांत।''

परम कृपालु देव अपने वचन की तुलना 'जिन' सिद्धांत के साथ करने को कह रहें हैं। कौन सा शास्त्र प्रमाणभूत है और कौन सा अप्रमाणभूत है, वो जब तक नक्की न कर सको तो हमारे वचन की तुलना किस प्रकार संभवित है? यहाँ सबसे बडा अव-रोध है कि तुलना करें तो किस शास्त्र के साथ अथवा कौन से पुरुष के साथ? आज जैनो में अधिकतर लोग ऐसा कहते हैं कि शास्त्र में ग्यारह (११) चीजों का विच्छेद है, उसमें एक यह है कि इस काल में मोक्ष नहीं होता। अब मानो कि एक शास्त्र आपको दें जिसमें लिखा हुआ है कि १५०० साल पुराना यह शास्त्र है और उसमे लिखा है कि इस काल में मोक्ष है तो क्या सचमुच मोक्ष मिल जायेगा? यदि लिखें कि जो कोइ यह पुस्तक पढ़ेंगे उन्हें इसी भव में मोक्ष अवश्य मिलेगा, तो संभवित है? तो जब लिखा हो कि मोक्ष नहीं मिलेगा तो क्यों हम मान ले? पुरुषार्थ करके देखें कि मोक्ष मिलता है या नहीं मिलता। अगर पुस्तक में विरोधाभास हो तो बहुत से लोग उलझन में पड जाते हैं। फिर कहते है कि सभी शास्त्र में उल्टा (विरुद्ध) ही लिखा है, इसलिए जो करते हैं वही अच्छा है। लोग इस तरह सच्चे मार्ग पर आ नहीं सकते।

भगवान महावीर के शास्त्र लो तो भी उसमें विरोधाभास अवश्य होगा और होना ही चाहिए। अब कहीं पर लिखा हुआ हो कि दस साल के बालक को क्या क्या करने जैसा होता है और दूसरे पुस्तक में लिखा हो कि ६० साल के पुरुष जो निवृत्त हो पर तंदुरस्त हो तो उसे क्या करना चाहिए। दोनों का विरोधाभास तो होगा ही, लेकिन उसका समन्वय कैसे हो वही महत्वपूर्ण है। इसलिए परम कृपालु देव कहते है, हमारे वचन की तुलना आप 'जिन' सिद्धांत के साथ करके देखो। अगर कुछ समझ में नहीं आता तो अब जो कहते हैं उसे हृदय में

अनुभव से जो बात आप जानते हो और फिर शास्त्र में चाहे जो भी लिखा हो आप नहीं मानोगे क्यों कि साक्षात अनुभव है कि यह वस्तु ऐसी ही होती है।

उतार कर देखो। अनुभव से जो बात आप जानते हो और फिर शास्त्र में चाहे जो भी लिखा हो आप नहीं मानोगे क्यों कि साक्षात अनुभव है कि यह वस्तु ऐसी ही होती है। इसलिए चिंता करके मूल मार्ग छोड़ना नहीं है। लेकिन इसे यथार्थरुप से समझ लें तो अवश्य ही अपने अनुभव से अनेक वस्तु जानने को मिलेगी।

अर्थात ऐसा कहें कि जितना - जितना आत्मा का विश्वास होता जायेगा, उन हर एक जीव को अपने अनुभव से अवश्य पता चलेगा कि मेरे आत्मा का विकास सच्चे अर्थ में मोक्ष मार्ग पर जा सके उस प्रकार से हो रहा है।

''मात्र कहेवुं परमारथ हेतु थी रे,
कोई पामे मुमुक्ष वात।'' मूल... ०२

हम जिस मूलमार्ग की बात कहते हैं वह सिर्फ इसलिए कहते हैं कि कोई मोक्ष का अत्यंत जिज्ञासु अथवा परमार्थ का कामी जीव, जिसे अखंडरुप से ऐसा लगता हो कि बहुत कुछ करने के बावजूद अभी भी कुछ कमी है और सालों से अंदर ही अंदर कुछ चाहिए, इस प्रकार की भावना होती रहती है, ऐसी योग्यता वाले जो पुरुष हैं उन्हें अवश्य ही यह काम में आएगा।

मोह से व्याकुल हो वही मुमुक्षु है। तीव्रता से राग होता है, जहाँ जहाँ तीव्र से तीव्र आकर्षण है वह मोह है। ऐसे मोह के कारण जब मिलते हैं उस वक्त अत्यंत व्याकुलता होनी चाहिए कि ऐसे उदय क्यों आ गए, बस यही गिरने के कारण है और मोह से व्याकुल हो वही मुमुक्षु है। हमारी वह दशा जब तक नहीं आती है, तब तक मुमुक्षुता नहीं आ सकती। इसलिए अमुक प्रकार की योग्यता अपने में प्रगट होनी चाहिए और जब तक वह प्रगट नहीं होती, तब तक यह गहरी बात समझ में नहीं आ सकती। और जब मुमुक्षुता प्रगट हुई तो सब कुछ आसानी (सहजता)से जीव समझ सकता है।

यदि कोई सच्चा मुमुक्षु है, तो उनके लिए मोक्ष का मार्ग कहें, समकित कहें, इसे कम से कम और संक्षेप में हम आपको कहते हैं। ◆

(क्रमशः)

ॐ शांतिः शांतिः शांतिः

नोंध : पूज्यश्री के मूल मार्ग रहस्य के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

Vachanamrut Letter 301

Memorable Saint Shri Subhagya,

The world if believed to be soulful; if it is believed that whatever happens is absolutely right (destined), faults of others are not seen and one's own exceptional virtues are endured, only then it is worth living in this world; not otherwise.

When is it worthwhile to live in this world? When the above 4 things are present in us. We are totally worldly and never believe that the world is soulful; in other words, whomever we see is seen as he is (i.e. as a body and not as a soul), as a man, a brahmin, husband, son etc.

Instead of believing whatever is happening is for the best, our belief is that whatever is happening is because of others. Whenever something goes wrong, we blame others. In all situations, we allege the other person to be wrong. We all are filled with such virtues! (imperfections) and are fully qualified for living in this world.

We see the faults of others; we consider ourselves greater than others. In smallest of things, we keep on advising others, mother to her kids, husband to his wife, father to his son, boss to his staff etc.

And lastly, if we acquire even a small virtue, we go on boasting, for e.g. if our son gets a rank in the university, we throw a party and boast of the achievement. We are unable to digest even a small virtue.

Those who feel that they are followers of Param Krupaludev and due to HIS blessings are seriously concerned about roaming in this cycle of birth and death since ages, and if these spiritual virtues sprout within, then Tirthanker and Param Krupaludev give consent for living in this world, otherwise, it is not worthwhile to live in this world. In other words, whoever is desirous of spiritually advancing up to

When we think of objects, the concentration is external but when we think of soul, which is never seen and is within, the concentration turns inwards and going deep within, one will definitely experience happiness and bliss.

liberation within the next few lives, for them, these are the 4 conditions advised for living in this world, which will lead to shedding of karmas every minute and thus reducing the cycle of birth and death.

An aspirant who is extremely fearful of moh i.e. likes and dislikes (raag – dvesh), is encircled with best of materialistic pleasures of the world and who feels an acute displeasure in them as it results in the transmigratory cycle going on, to such a one, Param Krupaludev says, the world should be believed to be soulful, meaning, wherever the vision goes, a connection of the soul should be established. There are primarily 2 elements in this world– living and non-living. So, wherever a living being is seen, say an ant, mosquito or hear about beings of hell or heaven, the thought should not be that they are insects, devils or gods but that they are souls who have taken that particular form due to their own karma. When such a connection is established, one will see the soul's characteristics of being eternal, blissful, seeing & knowing etc. Many worship heavenly gods or goddesses with fear of inviting their wrath if there is any lapse in their devotional ritual. Forgetting the divine virtues of soul, we are filled with such misbeliefs and therefore fail to realize the tatva (soul). When the virtues of the soul are seen time and again then we won't have fear of such wrathful gods. Seeing others as souls, is it possible that we would not see our own soul? This way, our own soul will present itself.

The world is also full of non living objects. How should we establish the connection of soul's virtues there? The inanimate objects are made of particles more subtle than an atom (subtlest is called "parmanu"), many parmanus join together to form larger particles called "skhands" (like atoms forming molecules) and many skhands join together to form still larger skhands, called "varganas". These are of 5 types – (1) ones which form physical bodies (aahaar vargana), (2) which form sound (and language) of 84 lakh life forms (bhashaa vargana), (3) which form minds of beings with 5 senses (humans) (manovargana), (4) tejas and (5) karman vargana – last 2 are very subtle. Thinking deeply, the type of varganas which form bodies which we see today in the past would have been physical bodies of beings housing some soul. Wood is derived from trees; iron ore, minerals, oil etc. come from earth and are like pus emanating from wounds but were once jivs of the earth (prithvikaay jivs), leather products are made from skins of animals.

Thinking and contemplating in this manner, our focus from such souls will without fail shift to our own soul, that "I am soul".

The word "atmagyan" (self realization), in a way also leads to delusory thinking. When we say he has "atmagyan", he is believed to have become God. When Tirthanker, a living self-realized master or a gyani talks about soul and its virtues, it is "siddhantik gyan" (theoretical knowledge). When we practically think deeply about soul and its characteristics or virtues, they will slowly develop within and eventually lead to an experience of the soul (atmagyan).

Knowing is knowledge (gyan). We know that when happy and laughing at age of 2 and laughing when grown old, there is no change in the virtue of happiness. Likewise thinking about other virtues deeply, one slips into 'dhyan-samadhi'. When we think of objects, the concentration is external but when we think of soul, which is never seen and is within, the concentration turns inwards and going deep within, one will definitely experience happiness and bliss. This is the practical path to liberation. Instead with blind faith we run to temples etc. but don't think practically, scientifically and gain the experience. Therefore, Param Krupaludev in just one sentence explains to Sobhagbhai that, believe the world to be soulful, practise seeing atma everywhere. It may take a few years or even a lifetime but practising this way – seeing atma, its virtues, thinking about them deeply will definitely result in slipping into Samadhi and ultimately the experience. What are the primary characteristics of soul? They are infinite knowledge, vision, character, power, endurance and which are within you. By deep thinking, you can achieve them. Whoever experiences the bliss will not be able to contain the excitement and happiness. Self realization is so easy but it has been made complicated and difficult by those who do not have the experience.

Knowing the principles of karma and realizing that whatever happens is due to the play of karma, one will always believe, this was to happen exactly like this and there won't be any unhappiness.

If is believed that whatever happens is absolutely right.

This is very difficult to put in practise. But the extent to which– "the world is believed to be soulful" is realized and experienced, this too can be practically experienced. Believing oneself to be soul, eternal, forever blissful and realizing that whatever is happening around is nothing but a play of karma and that I am not at all concerned with such play of karma will lead to peace and calmness, just as while sipping tea and reading a newspaper filled with all sorts of news like an accident somewhere, a

natural calamity leading to loss of lives somewhere, we remain unperturbed.

When a close family member who is critically ill, on death bed in the hospital and we will pray that he should be relieved of the intense suffering and are ready to accept his death. When we know that a particular thing will happen, there is no question of any unhappiness. Knowing the principles of karma and realizing that whatever happens is due to the play of karma, one will always believe, this was to happen exactly like this and there won't be any unhappiness. Understanding of karm siddhant and that whatever happens is destined will liberate us!

When confronted with an extremely bad karma which can't be endured, like a life threatening disease or court case, at that time maintaining equipoise, thinking whatever is happening now is right(destined) and that such a bad karma is now getting shed, will bring peace and happiness. Such an understanding will lead to an extra ordinary shedding of karmas.

When a jiv reaches the state described in the first sentence through his own experience, he starts viewing the whole world as a drama being played out or a dream, then whatever happens does not concern him. His near and dear ones seem like characters in a dream and he believes nothing in the world is permanent but only temporary. With such an understanding, he will then come to believe the second sentence that whatever is happening was destined.


We are in fact habituated to believe that whatever is happening is right, for e.g. while travelling in car, apprehending an accident which may or may not happen and accepting the result, realizing that the accident occurred due to somebody's mistake. But if we adopt a scientific approach with an understanding of karmas, there will not be any cause for unhappiness and our actions and we will naturally think whatever happens is right. Even if the opposite person misbehaves with us, it won't affect us and eventually a foe becomes a friend. Many of you have experienced that extremely bad relationships have turned into healthy ones. Param Krupaludev's vachans have been applied in the world, but not in the spiritual direction. We have the necessary understanding in the worldly way and the only thing to do is to take a turn and apply it for spiritual purpose of liberating the soul. The virtues of the soul are within us but are being used at the wrong place and that's why we are unhappy and roaming in the cycle.

Aum Shanti: Shanti: Shanti:

To be continued

Note: This edited version of Param Pujya Premacharyji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan.

જાતિસ્મરણ જ્ઞાન



ગઈ વેળા આપણે જોયું કે બાળપણમાં જ શ્રીમદ્માં કેટલાય અસાધારણ ગુણો ખિલી ઉઠ્યા હતાં જેમાં મુખ્યત્વે તેમની તીવ્ર સ્મરણશક્તિ, તેજસ્વીતા, બુદ્ધિ પ્રતિભા, અદમ્ય આત્મવિશ્વાસ, નવા વિષયો શિખવાની તત્પરતા, કવિત્વ શક્તિ વિગેરે. આ વેળા ફક્ત ૭ વર્ષની નાની ઉંમરમાં તેમને થયેલ બળવાન જાતિસ્મૃતિજ્ઞાન વિશે જોઈએ જે અનુભવ તેમના જીવનમાં ભગવાન રામ જેવો વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં નિમિત્ત બન્યો.

સૌજન્ય : બે મીરાબેન તરફથી, કલકત્તા

બાળપણમાં ૭ વર્ષની ઉંમરે અને ત્યાર પછી ૧૦ વર્ષની ઉંમરે શ્રીમદ્‌ને ''જાતિસ્મરણ જ્ઞાન''નો બળવાન અનુભવ થયેલ. જાતિસ્મરણ જ્ઞાન એટલે જેવી રીતે બાળપણમાં કોઈ પ્રસંગ, જગ્યા, વસ્તુ ઈત્યાદિ જોઈ હોય અને તેનું સ્મરણ વૃદ્ધાવસ્થામાં થાય તેવી રીતે પૂર્વ ભવનું સ્મરણ આ ભવમાં સ્પષ્ટપણે થાય. ૭ વર્ષે શ્રીમદ્‌ને તેમના લગભગ ૭૦૦ પૂર્વ ભવનું અને ૧૦ વર્ષે લગભગ ૯૦૦ પૂર્વ ભવનું જ્ઞાન થયેલ.

ખૂબ જ આશ્ચર્યકારક અને વિચારવાલાયક વાત એ છે કે શ્રીમદ્‌ પોતાના આ બળવાન અનુભવ વિશે પોતાના લખાણોમાં ક્યાંય વિસ્તૃતપણે કહ્યું નથી. ''સમુચ્ચયવયચર્યા''માં પણ આ અનુભવની માહિતી તેમણે નથી આપી. પ્રસંગોપાત કોઈના પૂછવાથી તેમણે આ અનુભવ વિશે કહ્યું છે, જેમ કે શ્રી પદમશી ઠાકરશીને (ભૂલેશ્વર શાક માર્કેટ પાસે), મોતીલાલ ભાવસારને (ઉત્તરસંડા વનક્ષેત્રે), શ્રી લલ્લુજી મહારાજને (ઈડરના પહાડોમાં).

શ્રીમદ્‌ના ઘણા પત્રો, પદો અને પ્રસંગો ઉપરથી તેમને આ જ્ઞાન હતું તેનો ખ્યાલ આવે છે.

- **''... અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય... (પત્ર : ૧૨૮)**
- **... પૂર્વ કાળમાં ઉત્તર દિશામાં વિચરવા વિશેનું તેમના મુખથી શ્રવણ કર્યું. તો તે વિશે હાલ તો કંઈ લખી શકાય તેમ નથી ... (પત્ર : ૨૧૨)**
- **''... પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહેજે સાંભરી આવે છે. (પત્ર : ૩૧૩)**
- **... સત્સંગનું અત્યંત મહાત્મ્ય પૂર્વભવે વેદન કર્યું છે; તે ફરી ફરી સ્મૃતિરૂપ થાય છે અને નિરંતર અભંગપણે તે ભાવના સ્ફુરિત રહ્યા કરે છે. (પત્ર :૩૭૫)**
- **... પૂર્વ જન્મ છે. જરૂર છે. એ માટે 'હું' અનુભવથી હા કહેવામાં અચળ છું. (પત્ર : ૪૨૪)**
- **''... પૂર્વ કાળમાં જે જે જ્ઞાની પુરુષના પ્રસંગો વ્યતીત થયા છે તે કાળને ધન્ય છે, તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે... (પત્ર : ૪૬૫)**
- **... નાનપણે કોઈ ગામ, વસ્તુ આદિ જોયાં હોય અને મોટપણે કોઈ પ્રસંગે તે ગામાદિનું આત્મામાં સ્મરણ થાય છે તે વખતે, તે ગામાદિનું આત્મામાં જે પ્રકારે ભાન થાય છે, તે પ્રકારે જાતિસ્મરણજ્ઞાનવાનને પૂર્વભવનું ભાન થાય છે. ... (પત્ર : ૬૨૯)**

આ સિવાય કેટલાય પત્રોમાં તેમણે કહ્યું છે... **''શ્રી તીર્થંકર .. આમ કહે છે,** દા.ત. ''જે જીવો મોહનિંદ્રામાં સૂતા છે તે અમુનિ છે; નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે; પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઈ રીતે ભય નથી, એમ શ્રી જિને કહ્યું છે (પત્ર : ૫૬૯).

જાતિસ્મરણ જ્ઞાને શ્રીમદ્‌ના જીવનમાં સંસાર પ્રત્યે બળવાન વૈરાગ્ય ઉત્પન્ન કર્યો. સંસારની અસારતા અને આત્માના અસ્તિત્વ તથા નિત્યત્વ પ્રત્યે બળવાન શ્રદ્ધા થઈ. આમ નાની ઉંમરે તેઓશ્રી જ્ઞાનવૃદ્ધ બની ગયા! આ બાબતોમાં પૂ. બ્રહ્મચારીજીએ ''જીવન કળા'' પુસ્તકમાં લખેલ આ વચનો ઉલ્લેખનીય અને વિચારવા જેવા છે.

''વિચારવાન જીવને ક્રોધાદિ કોઈ પ્રકૃતિની પરવશતાને લઈને ઘણું સહન કરવું પડ્યું હોય, કે કોઈ ઈષ્ટવિયોગના કે પ્રિયજનના મરણપ્રસંગો અનેકવાર વેઠવા પડ્યા હોય, કે મહાવ્યાધિના પ્રસંગો આવી પડ્યા હોય તેની સ્મૃતિ લાવી સંસારનો વિચાર કરે તો આ અનિત્ય પદાર્થો ઉપરની આસક્તિ ઓછી થઈ જાય છે; મમત્વ, મોહ મોળા પડે છે અને અજર, અમર અને નિત્ય એવા આત્મપદાર્થનો નિર્ણય કરવા વૃત્તિ જાગે છે. તો પછી જેને અનેક ભવમાં આધિ, વ્યાધિ, ઉપાધિ તથા જન્મ, જરા, મરણનાં દુઃખ વેઠેલાં સ્મૃતિમાં તાજાં થયા હોય, નરક આદિ ગતિનાં અકથ્ય દુઃખોની સ્મૃતિમાં જાગી હોય; તથા પરિભ્રમણનાં કારણો પૂર્વભવે સત્પુરુષો પાસે પ્રત્યક્ષ સાંભળ્યાં હોય તે સર્વ ઉપદેશ જેને સ્મૃતિમાં પ્રત્યક્ષ ભાસતો હોય તેને જન્મ, જરા, મરણનો ત્રાસ કેટલો વર્તે તથા પૂર્વભવે જાણેલો અને આરાધેલો મુક્તિનો માર્ગ આરાધવા કેટલી તત્પરતા રહે તે આપણી કલ્પનામાં આવવું પણ મુશ્કેલ છે.''

શ્રીમદ્‌ના જાતિસ્મરણજ્ઞાનના અનુભવના સંદર્ભમાં વિચારવા જેવી સૌથી અગત્યની વાત તેમનું બળવાન ''ગાંભીર્ય'' છે. બાળપણમાં થયેલ આવો અદ્‌ભુત અને ખૂબ જ બળવાન અનુભવ તેઓએ પોતાના અંતરમાં સમાવી લઈ, તેને પોતાની આત્મિક સાધનાના ઉપયોગમાં લીધો. તીર્થંકરો વિગેરેના જીવનચરિત્રોમાં તેમના પૂર્વ ભવની વિગતો ઉપરથી આત્મ આકાંક્ષી જીવો બોધ લઈ શકે છે. પરંતુ શ્રીમદ્‌ પોતાના પૂર્વ ભવોની વિગતો ક્યાંય જણાવી નથી અને ફક્ત છૂટા છવાયા ટૂંકા વાક્યો સિવાય કોઈ વિશેષ ઉલ્લેખ કર્યો નથી. શ્રીમદ્‌ના ભક્તજનોને આવી માહિતી ઉપયોગી નીવડી હોત. તેમ છતાં આ માર્ગમાં ''ગંભીરતા'' કેટલી મહત્વની છે એ શિક્ષા આપણે લઈ શકીએ છીએ અને વૈરાગ્યવૃદ્ધિ કરી શકીએ છીએ.

આજના આધુનિક ચિકિત્સકો, વૈજ્ઞાનિકો ''હિપનોસીસ'' જેવી ટેકનીકનો ઉપયોગ કરી શારીરિક તથા માનસિક વ્યાધિઓથી પીડાતાઓને પૂર્વ ભવોના અનુભવો કરાવી, રોગોનું નિવારણ કરે છે. આ થેરેપીને "Past Life Regression" કહે છે જે પ્રચલિત થવા લાગી છે. અમેરિકાના પ્રખ્યાત ડોક્ટર બ્રાયન વાઈસે આ ક્ષેત્રમાં ઘણું સંશોધન અને પ્રયોગો કર્યા છે અને પોતાના તબીબી અનુભવો "Many Lives, Many Masters", "Only Love is Real", "Same Soul, Many Bodies" વિગેરે પુસ્તકોમાં લખ્યા છે. ભારતમાં પણ આ પ્રકારની Healing Therapy નો ઉપયોગ હાલ ઘણા કરી રહ્યા છે જેમ કે સંતોષ જોષી, ડૉ. તૃપ્તી જયીન, સુરેખા સેનગુપ્તા.

આવા સંશોધનો ભલે દેહના દર્દો મટાડવામાં ઉપયોગી છે, પણ ખરેખર તો પૂર્વ ભવના માઠા પ્રસંગો જાણી પ્રાયશ્ચિત વિગેરેથી આત્માના વિકારો ઓછાં થતાં તેની અસર દેહ પર દેખાય છે. જાતિસ્મરણ જ્ઞાન જેવા અનુભવ, ''દેહથી ભિન્ન હું આત્મા છું'' એ સમજણને દ્રઢ કરે છે અને જીવમાં વૈરાગ્યની વૃદ્ધિ કરે છે.

પૂ. શ્રી ભોગીલાલ. ગિ. શેઠે ''જાતિસ્મૃતિજ્ઞાન'' ઉપર ખૂબજ સરળ ભાષામાં તેમના નિબંધમાં આ વિષય ઉપર પ્રકાશ પાડ્યો છે, જે વાંચવા વિચારવા લાયક છે. **(ક્રમશ)**

સૌજન્ય : એક મીરાબેન તરફથી, બેંગ્લોર

પ્રશ્નોત્તરી



Q કર્મને સમજીએ છીએ છતાં પણ ક્યારેક કર્મનો ધોધ સુનામીરૂપે આવે છે ત્યારે હીબકાં ભરીને રોવાઈ જાય છે. સમજણ પણ ત્યારે કામ નથી આવતી. આવી હાલતમાં શું કરવું ?

ઉત્તર : જવાબ તમે પોતે જ લખેલો છે, કર્મને બરોબર સમજીએ છીએ. અનાદિકાળથી રખડપટ્ટી કરતા આત્માને અનંતા કર્મો લાગેલા છે. એ કર્મ બાંધી લીધા પછી મનુષ્યદેહ છૂટી જાય, પછી દેવલોકમાં ગયા, કદાચ નરકમાં પણ ગયા, તિર્યંચમાં પણ ગયા એમ અનંતકાળથી રખડપટ્ટી ચાલતી રહી અને કર્મોની નિર્જરા કરતા કરતા ફરીથી મનુષ્ય જન્મ મળ્યો. હવે અનંતકાળ પહેલા જે મનુષ્ય ભવના કર્મો બાંધેલા હોય એ કર્મો ત્યારે જ કાપી શકાય જ્યારે મનુષ્યભવમાં આવીને એવા જ કર્મો તમારે ભોગવવાના હોય. જ્યારે મનુષ્યભવમાં આવીએ ત્યારે એવા કર્મો ચોક્કસ ચોક્કસ ઉદયમાં આવી શકે. આ કર્મની નિર્જરા કેટલા બળવાનપણે કરી શકું એ લક્ષ રાખો. બળવાન એવો આત્મપુરુષાર્થ કરો. રાગ, દ્વેષ અને અજ્ઞાનને જે રીતે કાપી શકાય અથવા ક્ષય થાય એ કરો. આના સિવાય બીજો કોઈ ઉપાય નથી. ભગવાનને પણ કર્મ ભોગવવું જ પડે છે. એનો બીજો કોઈ ઉપાય નથી એટલે સમજણ કામમાં નથી આવતી. જો સમજણ કામમાં આવતી હોય તો એનો અર્થ એમ થયો કર્મ આપણે ભોગવીએ નહીં અને મને સમજણ છે એમ કહીએ એટલે કર્મની નિર્જરા થાય એવું થતું નથી. જે કાંઈ કર્મ બાંધેલા છે એ ૧૦૦ટકા ભોગવવા જ પડે, ત્યારે સમજણને સૂઈ જવું પડે.

Q મૂળભૂત સ્વભાવમાં કેવી રીતે રહી શકાય ? આત્માને વિભાવમાંથી મૂળભૂત સ્વભાવમાં લાવવાનો પુરુષાર્થ શું ?

ઉત્તર : આપણા વિભાવ ચાલ્યા કરે છે. દા.ત. ક્રોધ આત્માનો સ્વભાવ નથી, વિભાવ છે. એ પૂર્વ કરેલા કર્મોનું ફળ છે અને તે ફળનાં કારણે ક્રોધ થયો. ધર્મ વિષે સાચી સમજણ મળી જતાં ક્રોધ ન કરવાનો ભાવ રહે છે. તેથી જ્યારે ક્રોધ થાય છે ત્યારે ઘણા પશ્ચાતાપ સાથે ભગવાનને પ્રાર્થના થાય છે કે કોઈપણ હાલતમાં મારે હવે ક્રોધ નથી કરવો, ક્રોધ નથી કરવો. જેટલા ઊંડાણથી આ ભાવ થાય છે તે જ કર્મબંધ કે કર્મમુક્તિનું કારણ થાય છે. ઉપર ઉપરથી જે ભાવ થાય છે તેનાથી કંઈ ફરક નથી પડતો.

જ્યારે પણ જે દોષ તમે ટાળવા ઈચ્છો છો તે દોષ અવશ્ય થશે, કેમકે પૂર્વે કરેલાં કર્મોનું તે ફળ છે. ઉદય વખતે તીવ્રતાથી નકારભાવ આપણે કરીએ તો આ ક્ષમાપનાને લીધે ૧૦ ટકા થી ૨૦ ટકા ઓછી થઈ જશે. માની લ્યો કે એક મહિનાની અંદર તમને ૫૦ વાર અથવા આખા જીવનમાં ૫૦,૦૦૦ વાર કર્મોનો ઉદય છે. જ્યારે ક્રોધ થાય છે ત્યારે તમે વિચારશો, 'કોશિષ તો બહુ જ કરું છું પણ ક્રોધ મારો ચાલુ જ રહે છે,' ત્યારે એ સમજવાનું છે કે જે વસ્તુ તમે નથી ઈચ્છતા, તે કોઈ હાલતમાં ન થવી જોઈએ તો પણ એ ચીજ થઈ જાય છે તો ૧૦૦ ટકા તે તમારું પૂર્વકર્મનું ફળ છે જે હું, તમે અથવા તીર્થંકર પણ ટાળી શકતા નથી, ભોગવવું જ પડે. પણ આપણી પાસે એ સ્વતંત્રતા છે કે તેને મંદ કરવા માટે જો ક્ષમાપના ચાલુ થઈ જાય તો જ્યારે ક્રોધનું પહેલું કર્મ ઉદયમાં આવ્યું ત્યારે ક્ષમાપનાને કારણે ૧૦૦ ટકાની તીવ્રતાથી એ ઓછું થઈ ૮૦ ટકા થઈ પછી તે કર્મ જઈને લાઈનમાં પાછળ ઊભું રહી ગયું. એવી રીતે ક્રોધના બધા કર્મ મંદ થઈ પાછળ જશે. જેમ તમે સમજતાં જશો તેમ તેમ તમારી ક્ષમાપનાનો ભાવ બહુ જ શક્તિશાળી થતો જશે અને પહેલાં આ ૨૦ ટકા ઓછું થયું તો ૨૫ ટકા, ૩૦ ટકા, ૫૦ ટકા આવી જ રીતે આ ચક્ર ચાલતું રહેશે અને એક, બે જન્મ પછી તમે જોશો કે એની ઘણી ઘણી મંદતા થઈ ગઈ છે અને આ જન્મમાં પણ તમને લાગશે કે પહેલાં કરતાં કષાય ઘણા ઓછા થઈ ગયા છે.

ક્રોધનું કારણ શું છે ? પર પદાર્થને આપણે પોતાનો માનીએ અથવા તેના પ્રત્યે જેટલો રાગ છે અને એ પદાર્થને કાંઈ નુકસાન થાય છે તો આપણને ક્રોધ આવે છે. દા.ત. નવું ટીવી સેટ દોઢ લાખનું લઈ આવ્યા. ઘરમાં છોકરાઓ બોલથી રમે છે. ભૂલથી બોલ ટીવી ને લાગ્યો અને ટીવી ને ઘણું નુકસાન થઈ ગયું તો તમે ૧૦૦ ટકા ગુસ્સો કરશો. જ્યાં તમારો રાગ, આસક્તિભાવ વધારે થાય છે ત્યાં ગુસ્સો વધારે અવશ્ય રહેશે. ''હું આત્મા છું, બાકી કોઈ જડ પદાર્થ મારો નથી.'' જો આ રીતનું રટણ ચાલતું રહેશે તો જે આસક્તિભાવ, મોહભાવ સંસારના પદાર્થ પ્રત્યે છે તે ઓછો થઈ જશે. જ્યારે આત્મા વિશે તમે ઊંડાણથી વિચારવા લાગશો અને ગુરુ મારફત જે આરાધના, શિક્ષા તમને મળે એનું સાચી રીતે અનુસરણ કરશો તો આત્મા વિકાસ કરતો કરતો ઘણો આગળ વધી જશે પછી જે કર્મ અત્યારે હાજર થયા નથી, ઉદયમાં આવ્યા નથી, સત્તામાં પડ્યા છે એ કર્મોને પણ બાળી શકો છો. આત્મા માટે વારંવાર એક રટણ જ કરવાનું છે કે 'હું શરીર નથી, હું આત્મા છું.' ◆

પૂજ્યશ્રીની અપાર કૃપાદ્રષ્ટિ



■ **મીના શાહ,** જબલપુર

પહેલીવાર પૂજ્ય પપ્પાજીને મળી અને મારા માટે એ સ્તવન સિદ્ધ થયું...

''તારે દ્વારે આવી ને કોઈ ખાલી હાથ જાય ના, કરુણા નિધાન, કરુણા નિધાન!''

હું પૂજ્યશ્રીને મળવા ગઈ હતી. મારા નિકટના ઋણાનુબંધી માટે મને એમ જ થાતું કે એ વગર વાંકે મારા ઉપર ગુસ્સો કર્યા કરે છે. તો એમનો ગુસ્સો કેવી રીતે શાંત કરવો ? કોઈપણ અશુભ પ્રસંગમાં આપણને આપણો વાંક તો દેખાય જ નહીં ને ? તેમાં પણ હું તો પોતાની વાતને બહુ જ સારી રીતે જસ્ટીફાઈ પણ કરી લેતી. ત્યારે પૂજ્ય પપ્પાજીએ મને એકજ વાક્ય કહ્યું, ''તારું માન બહુ હણાય છે ને!''... હું કંઈ જ બોલી ન શકી. પરંતુ એમની વચનસિદ્ધિ અને એમના શુદ્ધત્વની પ્રતીતિરૂપે મને ઘરે જતી વખતે દોઢ કલાક સુધી બસમાં બેઠા બેઠા મારા જીવનના બધા અશુભ પ્રસંગો એક પછી એક યાદ આવતાં ગયા અને દરેક પ્રસંગમાં મને મારું માન દેખાવા લાગ્યું. સર્વ ક્લેશનું કારણ મારું માન જ છે, બીજાનો કોઈ વાંક નથી. એમજ પ્રોસેસ ચાલુ છે કારણ કે માન એટલો બધો સૂક્ષ્મ હોય છે કે એક પ્રસંગ ખતમ થાય ત્યાં બીજો ડોકિયું કરી ઊભો જ હોય છે. પરંતુ પોતાની વીકનેસની ચિંતા ન કરીને સત્પુરુષની સમર્થતા પર અતૂટ શ્રદ્ધા કરીએ તો એમની પાસેથી સત્પુરુષાર્થનું બળ સતત મળ્યા જ કરે છે.

એકવાર મને મારી કમનસીબી પર ખૂબ ખેદ થવા લાગ્યો. હું જબલપુર રહું; ત્યાં મને પૂજ્યશ્રીના સત્સંગ ન મળે. એમના સત્સંગનું લાઈવ ટેલીકાસ્ટ થતું પણ જબલપુરમાં રેન્જ ન હોવાથી મને જોવા નહોતું મળતું. મને થતું મેં કેવા અંતરાય કર્મ બાંધ્યા છે ! એ વિચારીને હું એમની પાસે ખૂબ રડી. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે, 'આત્માને અંતરાય જેવું કંઈ હોતું જ નથી.' આ વચન ઉપર વિચાર કરતાં મારો ખેદ તો મટ્યો, સાથે સાથે પરિસ્થિતિને સ્વીકારી હર હાલમાં ખુશ રહેવું અને ફરિયાદ કર્યા વગર સારા ભાવમાં રહેવું, આ બધાની શક્તિ મળી.

એકવાર પૂજ્યશ્રીએ મને કહ્યું કે, ''તું ઘરમાં મોટી વહુ છો ને ? તો આપણે નાના થઈને રહીએ તો ?'' પહેલાં તો હું સમજી નહીં પણ તેઓ કહે એ માન્ય તો હોય જ. એમને જ પ્રાર્થના કરી કે મારો વિવેક જાગૃત રખાવજો. એકવાર જ્યારે મુંબઈના ઘરે મારા મમ્મી-પપ્પા, બેન-બનેવી ને જમવા બોલાવ્યા હતા ત્યારે નાના થવાની પ્રેક્ટીસ કરી. મોટી દેરાણીની સહમતીથી નાની દેરાણીને મેં કહ્યું કે મેન્યુ તું જ નક્કી કર અને તું જે કામ અમને કહીશ એ અમે કરશું. એને નવાઈ લાગી પણ એણે ખુશી ખુશી હા પાડી. બહુ મોટો મેન્યુ બનાવ્યો ત્યારે આદતવશ મારાથી કહેવાયું કે આટલું બધું ન હોય. એણે યાદ દેવડાવ્યું કે હું કહીશ એમ તમે કરશો, માટે પછી હું કંઈ ન બોલી. ખૂબ સરસ જમણવારી થઈ. એને જ બધો જશ મળ્યો. એને ખૂબ સારું લાગ્યું.

એણે મુખ્ય કામ તો વઘાર આપવાનું કર્યું હતું પણ બધા નાના નાના કામ મેં અને મારી મોટી દેરાણીએ કરેલા. ત્યારે સમજાયું કે હંમેશા જશ મને મળતો અને એમની કદર નહોતી થતી, તો એમને કેવું લાગતું હશે ! ઘરની બધી વ્યક્તિઓને સરખું માન મળવું જોઈએ. મોટા તો હંમેશા મોટા જ રહેવાના પણ નાનાને એમની કુશળતા પ્રમાણે માન આપવામાં જ મોટાઈ છે. પૂજ્યશ્રીની કૃપાથી અમારા ઘરમાં થતી આ ભૂલ સુધરી.

જ્યારે મારા બાળકો નાના હતાં ત્યારે જબલપુરમાં અમારા ઘરે ખૂબ મહેમાનો આવતાં. બાળકોના ભણતર સાથે આ બધું એરેન્જ કરીને ક્યારેક હું અકળાઈ જતી. આ અકળામણ બરોબર નથી એ સમજાતું. એટલે પૂજ્યશ્રીને મારા ભાવ વિદિત કર્યા. એમણે કહ્યું, ''સ્વભાવમાં રહીને અનુકૂળ થાઓ, વિભાવમાં રહીને નહીં.'' એટલે કે બધાને અનુકૂળ તો થવાનું જ છે, ફક્ત ચેન્જ એ કરવાનું હતું કે જે કરું એ શાંતિ અને પ્રેમથી, સહજ રીતે જેટલું થઈ શકે એટલું કરું. વિશેષ કરવાની કોશિશમાં થાકી જવાતું અને અકળામણ થતી.

આ વચનના ફળરૂપે કર્તાપણું પણ ખૂબ સમજાયું અને પુરુષાર્થ તો માન ક્ષયના પુરુષાર્થની જેમ છેવટ સુધીનો છે પણ પૂજ્યશ્રીની કૃપાથી આ વચન દરેક સમયે માર્ગમાં આગળ વધવા માટે મદદ કરે છે.

જ્યારે મારા દીકરાએ યુ.એસ.એ. જવાની રજા માંગી ત્યારે પુજ્યશ્રીનું વચન ''રાગે કરી કોઈને બાંધવું નહીં અને રાગે કરી કોઈથી બંધાવું નહીં'' યાદ આવી ગયું અને એને પ્રેમથી કહ્યું કે તને જેમ ગમે તેમ કર. એને તો લાગ્યું કે એ એકનો એક દીકરો છે માટે જવા નહીં મળે. આજે પણ એને ખૂબજ આનંદ છે કે એના મિત્રોને તો ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો પોતાના પેરેન્ટ્સને કન્વીન્સ કરવા માટે પણ એને તો જરાય પ્રોબ્લેમ ન થયો. આપણો માર્ગ રાગથી વિરક્ત થવાનો છે અને એનો પ્રેક્ટીકલ પુરુષાર્થ પૂજ્યશ્રી આપણી પાસે આવા વચનો અને પોતાનું યોગબળ આપીને એકદમ સરળતાથી કરાવી લે છે.

પૂજ્યશ્રીએ મને એક એક પગલે સંભાળી છે. એમની પ્રેમ દ્રષ્ટિ, કૃપા દ્રષ્ટિ મારી ઉપર સતત રહે છે એ ખાત્રી છે. કર્મ આવવાનું હોય એનાથી પહેલાં જ સાવધાન કરી દે છે. ઘરની બધી વ્યક્તિઓ માર્ગમાં હોય તો પણ કોઈને પણ દુઃખનું કારણ ન થાય, બધાના મનને સંતોષ થાય એ રીતે સહુને અલગ અલગ આજ્ઞા આપીને પુરુષાર્થ કરાવી લેવાની પૂજ્ય પપ્પાજીની આ કુનેહને મારા સમય સમયના વંદન ! બધા સાથે પરસ્પર પ્રેમ-ભાવના વધે અને સત્પુરુષાર્થ થાય તેવી નિષ્કારણ કરુણાથી પૂજ્યશ્રીનું સતત માર્ગદર્શન, સમાગમ, યોગબળ અને પ્રેરણાબળ મળે છે અને હંમેશા મળતું રહે એવી એમની પાસે પ્રાર્થના !

श्री वज्रस्वामी

जन्म से ही योगी, अंतिम दस पूर्वधर महर्षि श्री वज्रस्वामी का जीवन संयम पालन, आराधना और धर्म प्रभावना का अपूर्व त्रिवेणी संगम रुप था। उनके जन्म की सबसे बड़ी विशेषता यह है कि उनको जन्म के साथ ही जातिस्मृति ज्ञान की प्राप्ति थी। धरती पर पहला प्रकाश देखा उस जन्म दिन से संसार से वैराग्य धारण करके ८० साल तक विशुद्ध साधु जीवन का पालन किया।

अवंति प्रदेश के तम्बुवन नगर के निवासी धनगिरि और सुनंदा का विवाह तो हुआ, परंतु सुनंदा पति के आत्म कल्याण की भावना को बहुत अच्छी तरह जानती थी। सुनंदा को गर्भसूचक शुभ स्वप्न आते ही धनगिरि ने कहा कि तुम्हें अब कुछ समय में पुत्र का आधार मिलेगा तो तुम्हारी अनुमति हो तो दीक्षा ग्रहण कर के आत्मकल्याण करने की भावना है। आदर्श आर्य नारी की तरह सुनंदा ने धनगिरि को अनुमति दे दी।

वी.नि.सं. ९४६ में सुनंदा ने पुत्र को जन्म दिया। सुनंदा के परिवार और सखीयों ने हर्षोल्लास के साथ पुत्र जन्म की खुशियाँ मनायी। आनंद के इस अवसर पर किसी ने कहा यदि बालक के पिता धनगिरिने दीक्षा न ली होती तो इस जन्मोत्सव की खुशियाँ दुगनी हो जाती।

ये शब्द नवजात शिशु के कान पर पड़ते ही उसे पूर्व जन्म के संस्कार के कारण जातिस्मृति ज्ञान की प्राप्ति हुई। बालकने सोचा कि माता वात्सल्य से मुझे बांध न ले इसलिये उसने तुरंत ही रोना शुरु कर दिया। पूरे ६ महिने तक रात – दिन उसके रुदन से माता हैरान – परेशान हो गयी और एक दिन परेशान हो कर धनगिरि को इस बालक को अर्पण कर दिया। बालक मुनि के पास जाते ही शांत हो गया। मुनि धनगिरि झोली में लेकर अपने गुरु आर्यसिंह गिरि के पास आये। तब गुरु ने वजनवाली झोली को देखकर कहा यह तो वज्रके समान अत्यंत भार युक्त है। गुरु ने झोली को खोलकर देखा तो उसमें से बालक निकला। गुरु ने उसका नाम वज्र रखा। इस बालक का साध्वीजी और श्राविका के द्वारा पालन पोषण होता रहा।

तीन साल के बाद पुत्र के प्रति वात्सल्य भाव पुनः जागृत होने पर सुनंदा ने पुत्र की वापसी चाही। बात राजा के दरबार तक पहुंच गयी। आखिर मे यह तय हुआ कि बालक जिसके प्रति आकर्षित होगा उसके पास रहेगा। सुनंदा ने अलग-अलग प्रकार के सुंदर खिलौने, स्वादिष्ट मिठाइयाँ और वात्सल्य भरी चेष्टाओं द्वारा बालक को अपनी ओर आकर्षित करना चाहा। परंतु बालक बिलकुल भी हिला तक नहीं। उसके बाद पिता ने अपना रजोहरण उठा कर कहा कि यदि तु तत्व को जाननेवाला है और संयम को ग्रहण करने के लिये उत्सुक है तो कर्म बंधन को क्षय करने के लिये तु इस रजोहरण का स्वीकार कर। मुनि धनगिरि का वाक्य पुरा होने से पहले ही वो बालक अपने स्थान से खड़ा होकर रजोहरण को लेकर मुनि धनगिरि की गोद में बैठ गया और रजोहरण को चामर की तरह घुमाने लगा। यह देखकर पूरा दरबार स्तब्ध रह गया।

सुनंदा गहरे विचार में डूब गयी। उनके पति, भाई और पुत्र तीनों ने दीक्षा ली थी। सुनंदा ने भी इस संयम पथ पर प्रयाण करने का निश्चय किया। इधर बालमुनि वज्रस्वामी को जंगल में मायाजाल में फंसा कर दो बार देवताओं ने आहार देने का प्रयास किया। परंतु अपनी कुशाग्र बुद्धि के कारण देव माया को पहचान गये और आहार का अस्वीकार किया। देवों ने उन्हें वैक्रिय लब्धि और आकाश गामिनी विद्या दी। इस विद्या द्वारा वज्र स्वामीने जब भारत के उत्तर विभाग में भीषण दुकाल ग्रस्त हो गया था तब आकाशगामिनी विद्या के द्वारा समग्र संघ को महेश्वरीपुरी में भेज दिया था। यहाँ पर फूल अप्राप्त थे तब मंत्र बल के द्वारा बीस लाख पुष्प विमान के द्वारा ले आये।

इस प्रकार साधुता और सामर्थ्य की पावन मूर्ति वज्रस्वामी वीर नि.सं. ५८४ में कालधर्म को प्राप्त हुए। ऐसे महान आचार्य का स्वर्ग गमन के साथ दसवाँ पूर्व और चतुर्थ संहनव का विच्छेद हो गया। एसे आचार्य की स्मृति चिर स्थायी बनाने के लिये उनके स्वर्ग गमन के बाद वज्री शान की स्थापना हुई। ◆

नकल का परिणाम

एक चोर मध्य रात्रि के समय चोरी करने राजमहल में पहुंचा। जब वह राजमहल के भीतर कक्ष में पहुंचा तब उसने देखा कि राजा रानी आपस में कुछ वार्तालाप कर रहे थे। चोर ने दीवार के साथ कान लगाकर उनकी बात को सुनना चाहा। तब उसे ज्ञात हुआ कि राजा और रानी अपनी सोलह वर्षीय राजकुमारी की शादी के विषय में गंभीरता से विचार – विमर्श कर रहे है।

चोर को इस विषय को सुनने की तीव्र उत्सुकता जागी। वह ध्यान लगाकर सुनने लगा। उस समय राजा रानी से कह रहा था, ''देवी! हमारी बेटी बहुत ही धार्मिक विचारों की है। धर्म उसके रोए-रोए में समाया हुआ है। हमेशा संतों के सत्संग में ही अपना समय गुजारती है। इसलिए हम उसकी शादी किसी भी राजकुमार के साथ नहीं कर सकेंगे। उसके लिये तो हमें किसी ज्ञानी सन्यासी – महात्मा को ढूंढना होगा। वैसे तो राजकुमारी शादी करने को ही तैयार नहीं है। पर यह संभव है कि सन्यासी से शादी करने के लिए तैयार हो जाए।''

रानी ने भी अपनी सहमति देते हुए कहा, ''राजन्! आपका विचार ठीक है। वह और किसी से तो शादी करेगी ही नहीं। इसके स्वभाव और विचार के अनुकूल कोई सन्यासी महात्मा ठीक हो सकता है।''

यह सुनते ही चोर के मन में चिंतन – मंथन प्रारंभ हो गया। वह सोचने लगा राजा की लड़की से शादी करने का यह अच्छा स्वर्णिम अवसर है। ऐसा अवसर मुझे इस जन्म में तो क्या पर अन्य किसी जन्म में भी नहीं मिल सकता। यूं भी सन्यासी बन जाने में मुझे कुछ दिक्कत भी नहीं है। कपड़े बदलों और सन्यासी बन जाओ। ऐसे भी चोरी करना बड़ा खतरे का काम है, यह कार्य भी मेरा छूट जाये।

दूसरे ही दिन चोर ने सन्यासी का बाना पहना और गांव के बाहर सन्यासियों के आश्रम में पहुंच गया। खूब मन लगाकर उसने सभी महात्माओं की सेवा – भक्ति करना प्रारम्भ कर दिया। साथ ही साथ ज्ञान और ध्यान में भी रुची दिखाने लगा।

ऐसे ही आठ दस दिन बीते होंगे कि एक दिन राजा का मंत्री राजा का संदेश लेकर उस आश्रम में आया। मंत्री ने राजकुमारी से शादी करने का प्रस्ताव क्रमशः एक एक महात्मा के सामने रखा। किन्तु सभी ने इसे अस्वीकृत कर दिया। सभी महात्माओं का यही कहना था कि हमने घर बार इसीलिए तो छोड़ा है कि संसार में नहीं फंसना। अतः हम राजकुमारी से विवाह नहीं करेंगे।

अंत में मंत्री उस नये नौजवान सन्यासी के पास पहुंचे और अपना प्रस्ताव रखा। यह सुनकर वह सन्यासी मन ही मन मुस्कुराया एवं मौन रहा। उसने इस प्रस्ताव के लिए न हा कही और न ही ना कही। कुछ क्षण सोचकर मौन स्वीकृति लक्षणम् जानकर मंत्री ने निर्णय ले लिया। वे उसी क्षण राजमहल की ओर चल पड़े।

राजमहल पहुंचकर मंत्री ने राजा से निवेदन किया – ''महाराज! आपका संदेश लेकर मैं आज संन्यासी – महात्माओं के आश्रम में गया था। सारे संन्यासियों ने तो स्पष्ट इन्कार कर दिया परंतु एक नौजवान संन्यासी से जब मैंने पूछा तो वे मौन रहे। उन्होंने न हा कही और न ही ना कही। संभव है आप स्वयं चलकर उनसे निवेदन करे और विनती करे तो वे तैयार हो सकते है। राजा को भी मंत्री का यह सुझाव पसंद आ गया।

दूसरे दिन राजा स्वयं उस संत के पास गये। उनके चरणों में साष्टांग प्रणाम किया। उन्हें बहुमूल्य भेंट अर्पित करते हुए बड़ी विनम्रता से हाथ जोड़कर कहा – ''हे युवा महात्मन्। आपसे मेरी एक प्रार्थना है कि आप मेरी बेटी से शादी कर ले।''

तब चोर से सन्यासी बने हुए उस महात्मा का चिंतन बदला कि जब मुझ जैसे नकली साधु के समक्ष राजा भी नत मस्तक होता है। बहुमूल्य भेंट अर्पित करता है तो कितना अच्छा हो यदि मैं मन से सच्चा सन्यासी बन जाउँ तो मेरा भी कल्याण हो सकता है।

राजा तो उत्तर की प्रतीक्षा में था पर इधर सन्यासी का चिंतन ही समूचा बदल गया। ''स्वार्थ के वशीभूत होकर मैंने ये बाना पहनकर भी मैं इनके सत्कार – सम्मान का पात्र बना हूं। जब नकली साधु की इतनी पूजा – प्रतिष्ठा हो सकती है तो असली सच्चा संत बनकर मैं अपने जीवन की उंचाईयों को छू सकता हूं। ऐसे सच्चे संत बनने का आनंद ही कुछ और हो सकता है।''

इस प्रकार विचारों की धारा बदलते ही उसने राजा को स्पष्ट इन्कार कर दिया। वह उसी दिन से सच्चा सन्यासी बन गया और अपने जीवन को स्वार्थ से परमार्थ के लिये समर्पित कर दिया।

कहानी के अर्थ का संकेत स्पष्ट है। अच्छा काम यदि बिना मन के भी किया जाता है तब भी वह बहुत श्रेष्ठ फल देता है। यदि वह सच्चे हृदय से और सही विधि से किया जाय तो उसका अति श्रेष्ठ फल मिलता है। शुभ कार्यो की नकल भी व्यक्ति के लिए शुभता के द्वार खोल सकती है। ◆

કાર્તિક પૂર્ણિમા મહોત્સવ – રાજનગર, પર્લી

ભારતમાં કાર્તિક પૂર્ણિમાનું મહત્વ ખૂબ છે. પૂર્વમાં હિન્દુઓ ગંગા નદીની આ દિવસે ખાસ પૂજા અર્ચના કરે છે; ઉત્તરમાં શિખો ગુરુ નાનકની જન્મ જયંતિ ઉજવે છે અને પશ્ચિમમાં શ્રીમદ્ રાજચંદ્રની જન્મ જયંતિ ઉજવાય છે. આ વર્ષે શ્રીમદ્ રાજચંદ્રના જન્મને ૧૫૧ વર્ષ પૂર્ણ થયા અને દર વર્ષની જેમ રાજનગર, પર્લી ખાતે કાર્તિક પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો જેમાં ભારત અને વિદેશના સેન્ટરોથી મુમુક્ષુઓએ હાજરી આપી હતી.

આ વર્ષના મહોત્સવની ૩ ખાસ વિશિષ્ટતાઓ હતી.

૧. પરમ જ્ઞાન સભામાં પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીના ગુરુ ગૌતમ સ્વામિના જીવન ચરિત્ર ઉપર ચાલી રહેલા સત્સંગ અને પૂજ્ય નિલેશભાઈનો ''ક્ષમાપના'' ઉપરનો સત્સંગ;

૨. ''ભક્તોનો હૃદય સ્પર્શ'' - નાટક અને ભક્તિનો સંગમ; અને


૩. મીશન ૨૦૨૦નું લોંચ.

પરમ જ્ઞાન સભા

- ભગવાન મહાવીર સર્વજ્ઞ છે એવું સાંભળીને ઈન્દ્રભુતિને થયું, મારા સિવાય બીજો કોઈ સર્વજ્ઞ ન હોઈ શકે અને મહાવીર ઢોંગી છે એ પુરવાર કરવા જ્યારે મહાવીરને મળવા જાય છે ત્યારે મહાવીર તેમને પ્રેમથી આવકારે છે. ઈન્દ્રભૂતિના મનમાં થાય છે, આખું ભારતવર્ષ મને ઓળખે છે અને મહાવીર જો મારા મનમાં ચાલી રહેલી મુંઝવણ કહી બતાવે તો માનું. તેમને મહાવીર આવકાર આપતા કહે છે, ''આત્મા છે, અવશ્ય છે અને શાશ્વત એવો પદાર્થ છે - અજર, અમર, અવિનાશી છે અને અનેક રીતે પુરવાર કરી શકાય છે.'' તમારા શાસ્ત્રની અંદર વૈજ્ઞાનિક પ્રમાણે એ રીતે લખેલું છે કે પંચભૂત (અગ્નિ, પૃથ્વી, વાયુ, જળ અને આકાશ) થી જગત બનેલું છે, પંચભૂતમાં જ્ઞાન નથી, તેને જોનાર એ આત્મા છે. પૃથ્વી આદિ પંચભૂતો જ્ઞાનના વિષયો છે અને તેમાં આખું બ્રહ્માંડ આવી જાય છે.

જડ અને ચેતનનું અસ્તિત્વ જુદું છે. આપણે જ્યારે કહીએ છીએ કે આ મારો હાથ છે, પગ છે વિગેરે તો પદાર્થ (હાથ, પગ વિગેરે) જુદા છે અને કહેનારો જુદો છે. શરીર અને શરીરધારી - બે પદાર્થો સિદ્ધ થાય છે. હે ગૌતમ, પંચભૂતને તૂં ઓળખે છે; જેને નથી ઓળખતો તે આત્મા છે.

- પરમ કૃપાળુદેવે આત્મ સિદ્ધિમાં આ બાબતમાં સચોટ રીતે શંકા સમાધાન આપ્યા છે.
- તમને જેટલા ગુણો યાદ આવે એ લખો. એ બધા ગુણો આત્માના જ હશે. ગુણોને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરીએ છીએ એજ તો આત્માને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ છે. આ ગુણ મારામાં છે; આ ગુણ આત્માનો છે; હું આત્મા છું - આટલું સહેલું છે.
- જે કંઈ ક્રિયા થતી હોય, એનાથી કર્મબંધ થતાં નથી; ભાવના કારણે ક્રિયા કરીએ તો કર્મબંધન થાય છે.



- જે અગ્નિહોત્રી યજ્ઞ કરશે એ સ્વર્ગે જશે, પણ એ (દેહ) તો બળી ગયો તો સ્વર્ગે કોણ જશે ?
- ગૌતમ સ્વામિને હંમેશા ક્ષોભ રહેતો કે મારી શંકાઓનું સમાધાન કોની પાસે કરું? તીવ્ર જિજ્ઞાસુ જીવ હોય તો ગમે તેવી શરમ મૂકી ગુરુ પાસે પ્રશ્નો વિદિત કરે અને જવાબ મળવાથી દશા આગળ વધે.
- પ્રભુએ ગૌતમને અહિંસા, સંયમ, તપ પર પ્રવચન આપ્યું. પૂજ્યશ્રીએ આ સમજાવતાં કહ્યું કે, ''આજે ૧-૪ ઈન્દ્રિય જીવોની હિંસાનું ધ્યાન રાખીએ છીએ પણ સૌથી મોટી અહિંસાએ છે કે પંચેન્દ્રિય મનુષ્ય જીવને આઘાત લાગે એના નિમિત્ત ન બનીએ. એ ભયંકર હિંસા છે.
- ગૌતમને પાછા આવતા વાર લાગી એટલે એમના ભાઈ, અગ્નિભૂતિ એમને લેવા ગયા. એને મનમાં એમ હતું કે મહાવીરે એમને ફસાવ્યા છે અને હું એમને છોડાવીશ. અગ્નિભૂતિને કર્મ નામનું તત્વ વિશ્વમાં છે કે નહીં એ શંકા હતી. એનું સમાધાન પણ મહાવીરે કર્યું અને આમ જે ૯ પંડિતો આવેલા એમની પાસે જે જુદા જુદા પ્રશ્નો હતા એના સમાધાનમાં આખું જૈન શાસ્ત્ર સમાઈ જાય છે.

ક્ષમાપના

- **''મેં તમારા અમૂલ્ય વચનને લક્ષમાં લીધા નહીં.''**

  અનાદિ કાળથી અહંત્વ - મમત્વ ઘર કરી ગયું છે. હું શરૂં તો કરું છું તમારા વચનથી પણ પછી મારી માન્યતા, સ્વચ્છંદે વર્તન કરું છું. જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ચાલું છું કે નહીં એ ચેક કરવું પડશે. કઈ રીતે એમના વચનો અમુલ્ય છે એ વિચારવું પડશે.
- અનંતા જન્મ-મરણના ચક્કર થાય ત્યારે માંડ મનુષ્યભવ મળે છે. એ પ્રાપ્ત થયા પછી એનાથી દુર્લભ છે સદ્‌ગુરુની પ્રાપ્તિ. દુર્લભતાનો વિચાર માત્ર કરીએ તો ચોક્કસ ફીલ થાય કે આ મનુષ્યભવની એક પળ કેટલી દુર્લભ છે. સત્પુરુષનો ક્ષણવારનો સમાગમ મોક્ષ સુધી લઈ જાય તો સત્પુરુષની સામર્થ્યતા કેટલી? એમના બોધ વચનો ઉપર પુરુષાર્થ કરીએ તો મોક્ષની પ્રાપ્તિ થાય.
- જે લોકો નવા નવા માર્ગમાં આવે ત્યારે એમને પ્રત્યક્ષના દર્શન પ્રાપ્ત થાય તો મારું અહોભાગ્ય એમ વિચારે. વધારે જિજ્ઞાસુ હોય તો એમનું એક વચન મળી જાય તો મારું અહોભાગ્ય અને વચન મળે, જો તેમના વચનો ઉપર બળવાન શ્રદ્ધા રાખી પુરુષાર્થ કરે તો ચોક્કસ મુક્તિનું કારણ થાય.
- સત્પુરુષ મારા છે; એમના વચનો મારા છે; તમે મારી અંદર, મારી સાથે છો. તમે મને બધું કરાવો છો. નવરા બેઠા હોઈએ ત્યારે ઓછામાં ઓછી વસ્તુ કરવાની છે - એ છે વિચાર - પરમ તત્વના વિચાર કરવાના છે. આવા પરમ તત્વ ઉપર ચિંતન - મનન જે રીતે કહ્યું છે એ રીતે થાય તો આખા બ્રહ્માંડના રહસ્યો એકદમ જાણી શકીએ.
- અજ્ઞાની જીવે જેટલું જાણેલું છે એને હું જતું કરી નાખું, કરી દઉં તો મારું જ્ઞાન અનલીમીટેડ થઈ જાય.

ભક્તોનો હૃદય સ્પર્શ

આ એક વિશિષ્ટ પ્રયોગ હતો જેમાં સ્પર્શ ઈન્ટરનેશનલના મધૂર કંઠી ગાયકોએ એક તરફ કર્ણપ્રિય ભક્તિ ગીતો ગાયા અને બીજી તરફ એક નાટક દ્વારા મુનીશ્રી લલ્લુજી મહારાજ, સોભાગભાઈ અને શ્રી અંબાલાલ, પરમ કૃપાળુદેવના ૩ મુખ્ય ભક્તોના પાત્રો દ્વારા તેમના જીવન પ્રસંગો, તેમની પાસે પરમ કૃપાળુદેવે કરાવેલ પુરુષાર્થ તથા અન્ય ઘણી વાતો કહેવામાં આવી. જેમ કે શ્રીમદ્ રાજચંદ્રનું બાહ્ય સ્વરૂપ અને અંતરંગ દશા કેવી હતી? તેઓ કેવી અટપટી રીતે વર્તી ભક્ત - શિષ્યોને આત્માર્થે આગળ વધારતાં વિગેરે. તે સિવાય તેમના કાકા સસરા, શ્રી રેવાશંકરભાઈ જે તેઓના ધંધામાં ભાગીદાર હતા તે અને તેમના માતુશ્રી દેવામા તેમને જીવતાજીવત ન ઓળખી શક્યા અને પછીથી જ્યારે ખબર પડી કે પરમ કૃપાળુદેવ તો મોક્ષ આપી શકે એવી સમર્થતા ધરાવતા ત્યારે તેઓને કેવો અફસોસ થાય છે!



આ ભક્તિ-નાટક પ્રયોગ ખૂબ - સફળ રહ્યો હતો. હંસાબેન અને જીતેનભાઈ શાહે સ્ક્રીપ્ટમાં પ્રાણ પૂર્યા હતાં અને હંસાબેનના નિર્દેશન અને મુમુક્ષુ કલાકારોએ ભાવપૂર્ણ એકટીંગથી આ નાટકને ઘણા ઉંચા સ્તરે મૂક્યો હતો.

મીશન ૨૦૨૦

શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટરનો સન ૨૦૦૩માં જ્યારે પાયો નખાયો હતો ત્યારે પર્લી ગામ અને આજુબાજુના ગામોમાં અત્યંત ગરીબાઈ, રોગોથી પીડાતી આદિવાસી ગ્રામીણ પ્રજા, દારૂની ભઠ્ઠીઓ, સ્ત્રીઓની ઘર ચલાવવાની કપરી સ્થિતિ, બાળકોએ ભણતરને બદલે મજુરીમાં લાગી ઘરમાં ૧ ટંક ખાવા માટેની જોગવાઈમાં જોડાવું વિગેરે વિગેરે અનેક દુ:ખોથી ત્યાંના લોકો પીડાતા હતાં. આવી કફોડી હાલત જોઈ પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીએ આ આદિવાસી - પછાત પ્રજા માટે ૩ મુખ્ય પ્રકારની માનવ સેવા કાર્યોનો પ્રારંભ કરાવરાવ્યો. (૧) બાળકોના ભણતર માટે શાળા (૨) સ્ત્રીઓને સ્વાવલંબી બનાવા માટે ખાખરા બનાવી શહેરોમાં વેચાણ (૩) સ્વાસ્થ્ય કેમ્પો. માનવ સેવાના આ ત્રણ દિશામાં કાર્યો ધીમી ગતિએ વધતાં ચાલ્યા અને આજે ૨૦૧૮માં તેનું સ્વરૂપ કંઈક આ પ્રમાણે છે.

(૧) શ્રી રાજ ઈન્ટરનેશનલની અંગ્રેજી માધ્યમ શાળા આજે એક ભવ્ય મકાનમાં આધુનિક સુવિધાઓ જેમ કે લેબોરેટરી, લાયબ્રેરી, કોમ્પ્યુટર રૂમ, વિગેરે વિગેરે સાથે ચાલી રહી છે. ૧૧૦૦ જેટલા બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણી રહ્યાં છે, સંગીત - ડાન્સ શીખી રહ્યાં છે અને ફુટબોલ, ક્રિકેટ જેવી બાહ્ય ગેમ્સ અને કેરમ, ટેબલ ટેનીસ, ચેસ જેવી રમતો રમતાં રમતાં આગળ વધી રહ્યાં છે. આ શાળા સુધાગઢ ડિસ્ટ્રીક્ટમાં સૌ પ્રથમ અંગ્રેજી માધ્યમની શાળા છે અને સૌ પ્રથમ એવી શાળા છે જેમાં E-learning અને Brain Gym ના કોર્સીસ થઈ રહ્યાં છે. વિદ્યાર્થીઓના યુનિફોર્મ, એક ટંકનું ભોજન તથા તેમને ૪૦ કિ.મી.ના આસપાસના ગામડાંઓમાંથી બસોમાં લઈ આવવાની જવાબદારી સંસ્થાએ સંભાળી છે.

વિદ્યાર્થીઓના ચહેરા પર છવાયેલ હર્ષાનંદને જોઈને કોઈને પણ હૃદયમાં પ્રફુલ્લિતતાનો ભાવ જાગે અને જેઓ આ કાર્ય પાછળના મુખ્ય નિમિત્ત છે તેમના પ્રત્યે ભક્તિભાવ ઉગે !

(૨) શ્રી રાજ મેડિકલ સેન્ટરનો પાયો સ્વ. ડૉ. હરિશ દવે અને અન્ય ડૉક્ટર મુમુક્ષુઓએ નાખ્યો હતો. શરૂઆતમાં ગ્રામિણ પ્રજાને ચોખ્ખાઈ ન રાખવાથી કેટલાય દર્દોથી બચી શકાય છે એ શિખામણ - શિક્ષણની સાથે મફત દવાઓ તથા વિવિધ પ્રકારના કેમ્પ શરૂ કર્યા. જેમ જેમ વર્ષો જતા ગયા, તેમ તેમ ત્યાંના લોકોની સ્થિતિ સુધરતી ચાલી. આજે પર્લીમાં એક પ્રાઈમરી મેડિકલ સેન્ટર ચાલી રહ્યું છે જ્યાં જનરલ



પ્રેક્ટીશનર, ડેન્ટીસ્ટસ્, હોમિયોપેથિક ડૉક્ટરો સેવા આપી રહ્યા છે. અત્યાર સુધીમાં લગભગ ૧૪૦૦ જેટલા નિઃશુલ્ક મોતીયાના ઓપરેશનો થઈ ચૂક્યા છે અને લગભગ ૬૦૦૦ જેટલા લોકોના જીવનમાં ફેર પડ્યો છે.

(૩) શ્રમિક નારી સંઘ - (મહિલાઓની સંસ્થા) શરૂઆતમાં આદિવાસી સ્ત્રીઓને શિખવી મહિનાના ૧૦ કિલો ખાખરા બનતા. આજે, એક ગૃહ ઉદ્યોગ ફેક્ટરીમાં આશરે ૯૦ જેટલી ગ્રામીણ સ્ત્રીઓ ''ચાકરી'' બ્રાન્ડના વિવિધ પ્રકારના ખાખરા બનાવી રહી છે, જેનું માસિક પ્રોડક્શન લગભગ ૫૦૦૦ કિલો છે. તે સિવાય 'ડિવિનીટી' ચોકલેટ્સ, 'પૂરો' બ્રાન્ડના કેમીકલ ફ્રી બ્યુટી પ્રોડક્ટ્સ તથા 'ઉડાન' બ્રાન્ડ હેઠળ - પેપર બોક્સ, તોરણો વિગેરેની એક્ટીવીટી ચાલી રહી છે.

આ ત્રણેય ક્ષેત્રે વધુ વિકાસની યોજનાઓ ઘડાઈ છે. **શૈક્ષણિક ક્ષેત્રે** - કેમ્બ્રિજ યુનિવર્સિટી સાથે જોડાઈ ઈન્ટરનેશનલ કોલેજ, છોકરા-છોકરીઓ માટે અલગ હોસ્ટેલ, ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, **મેડિકલ ક્ષેત્રે** - આધુનિક સગવડો સાથે ૧૦,૦૦૦ દર્દીઓનો સમાવેશ થાય એવી હૉસ્પીટલ, ૫૦૦ જેટલી વિવિધ પ્રકારની ટેસ્ટ થઈ શકે એવી લેબોરેટરી અને **શ્રમિક નારી સંઘ** ની સેવાઓ માટે- ૨૦,૦૦૦ સ્કે. ફુટની ખાખરા, પાપડ અને અગરબત્તી બનાવવાની ફેકટરી ઉભી થાય એના ફંડ માટે રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૮ના રાજનગર, પર્લી ખાતે ''મીશન ૨૦૨૦''નું એક ભવ્ય લોંચ થયું. તાળીઓના સતત ગડગડાટ સાથે હાજર રહેલા સર્વના ભાવો એવા ઉછાળા મારતાં હતાં કે કેટલાય સત્સંગી ગ્રુપો અને વ્યક્તિગત દાતાઓએ પોતે કેટલું ફંડ અન્યો પાસેથી લાવવાનો પુરુષાર્થ કરશે એ જાહેર કર્યું.

ઓલિમ્પીક ગેમ્સની જેમ રાજ મેડિકલ સેન્ટર, સ્કુલ અને ચાકરીના સેવકો ફેક્ટરીથી મશાલ લઈ છેક હોલ સુધી લઈ ગયા જ્યાં બધી મશાલો ભેગી કરી મીશન ૨૦૨૦ને પ્રજ્વલિત કરી. ''મેરા મીશન, મેરા આશ્રમ'' ના નારાથી સૌએ પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીના વિઝનને સાર્થક કરવાનું બીડુ ઝડપ્યું.

પૂજ્ય નીલેશભાઇએ આ મીશનનો મુખ્ય હેતુ સમજાવતાં કહ્યું કે વધારેમાં વધારે લોકોનો સંપર્ક કરી, તેમના પાસેથી ઓછામાં ઓછા રૂા. ૨૦૦૦/-ના ડોનેશનની વિનંતી કરી, તેમને શ્રીમદ્ રાજચંદ્રજીના અદ્‌ભુત મોક્ષ માર્ગ અને શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટરના માનવસેવા કાર્યો બાબત અવગત કરાવવા. એક તરફથી લેવા વાળા મુમુક્ષુનો હાથ અને બીજી તરફથી દાતાનો હાથ જ્યારે મળશે ત્યારે ખરા અર્થમાં માનવસેવા કમર્શીઅલમાંથી સ્પીરીચ્યુયલ એમ એક થશે.

આમ એકંદરે ૨૦૧૮ કાર્તિક પૂર્ણિમાનો મહોત્સવ - ભવ્યતા અને આનંદ સહિત સંપન્ન થયો. ◆

જીવન ઝરમર

(ગતાંકથી ચાલુ...)

દિવાળીનાં લગ્ન કરી તેને સાસરે મોકલી. સાસરું આફ્રિકામાં હતું. તે ગઈ પછી પાછી મળી જ નહીં. બે વર્ષે તેને સીમંત આવ્યું અને એ લોકોનો પત્ર આવ્યો, ત્યાં સુધી મને જાણ પણ ન કરી. આફ્રિકાથી લાવી શકાય એટલો સમય ન રહ્યો. તેને બાળક આવ્યું અને તરતમાં જ બાળકને મૂકીને મા ગુજરી ગઈ.

છોકરી એટલી શાંત હતી કે કદી કાંઈ જણાવતી નહીં. ગુજરી ગઈ ત્યાં સુધી પત્રમાં લખતી, ''આનંદમાં છું, મારી ફીકર ન કરશો.'' એના સસરાનો તાર આવ્યો. મને ખૂબ દુ:ખ થયું, પણ શું થાય? બનવાનું બની ગયું. બધાં બહુ નારાજ થયા કે આમ કેમ બને? આપણને એ લોકોએ કશું જ જણાવ્યું નહીં, નહીં તો બેનને અહીં લાવત. પણ મારા મનને મેં પૂછયું કે હવે ગમે તેટલું કરશો તો કંઈ વળશે? નહીં જ વળે. માટે એકદમ શાંતિ રાખવાની છે. મેં બધાને શાંત પાડ્યા. આમ જ્યારે જ્યારે મુસીબત આવે ત્યારે શાંત થઈ જવું, જાણે કંઈ બન્યું જ નથી.

ખરેખર પૂજ્ય માનું હૃદય બહુ કોમળ હતું. પણ તેઓ ગમે તેવા દુ:ખને અંતરમાં સમાવી દઈ શાંતિ જ રાખતા. ક્યારેય પણ ગભરાઈ જતા નહીં. બધાને કહેતા શાંતિ રાખવાથી ઘણાં જ કર્મોનો બંધ થતો અટકી જાય છે, જ્યારે આકુળવ્યાકુળ થવાથી નવાં કર્મો બંધાય છે.

આપણે બધા કેમ સત્યને પંથે પડીએ, કેમ સંસારથી પર થઈએ, ત્વરાથી કામ કરી લઈએ એજ એમની ચિંતા હતી. ખૂબ કરુણાભર્યું એમનું હૃદય હતું. જગતના જીવોના દુ:ખ જોઈ કરુણાથી એમનું હૃદય રડી ઉઠતું. એમના સંગમાં આવનારનું હૃદય તરત એમની પાસે ઉઘડી જતું. ગમે તેવી વાત કરતાં પણ નાના મોટા કોઈ અચકાતા નહીં અને પૂજ્ય મા એમને કઈ રીતે શાંતિ મળે એવી વાતો કરી સામાનું મન હળવું કરતાં.

આખો દિવસ પ્રભુ ભક્તિમાં ગાળતા. તપશ્ચર્યા ખૂબ કરતાં છતાં પણ પોતાની ફરજ ક્યારેય પણ ચૂક્યા ન હતા. વ્યવહારમાં ક્યાંય પણ અધુરાશ કે કચાશ ન હતી કે જેથી કોઈને બોલવાનો વખત આવે. સગાં વ્હાલાં બધાને પ્રેમથી બોલાવતા કે દરેકને માતૃભાવ થયા વગર ન રહે.

જ્યારે ભાઈઓ નાના હતા ત્યારે એમના પ્રત્યેની ફરજ પોતે પૂરેપૂરી બજાવી હતી. પછી મોટા થઈ કામે લાગ્યા એટલે એમને બધું સોંપી પોતે નિવૃત્ત થયા. પછી બેનો પણ સત્સંગમાં આવવા લાગી.

બપોરનાં બે થી ચાર વાંચન કરતા. પરમ કૃપાળુ દેવના પુસ્તકમાંથી જ વાંચતા. એટલું સરસ સમજાવતા કે એમનું સાંભળનારને બીજે ક્યાંય રૂચતું નહીં. કંઈકના ઘરમાં શાંતિ સ્થપાઈ ગઈ. કંઈકના ગૃહ-ક્લેશો વાંચનમાં આવ્યા બાદ તદન નષ્ટ થયા. કોઈને ફરજિયાત ઉપદેશ ન આપતાં તેથી સામા માણસ પર તેની ઊંડી છાપ પડતી.

આખા જીવન દરમિયાન એક જ રીતિએ દિવસો પસાર કરી ધર્મ કરતા. કેમ ફસાઈ જવાય છે? કેમ ધર્મને નામે પાપ થાય છે? ધર્મ સંગમાં વ્યવહાર કેમ થઈ પડે છે? એ બધું ખૂબ ઊંડાણથી સમજાવી સાચા ધર્મને કેમ વળગી રહેવું એ ખૂબ સરસ સમજાવતા.તેઓ કહેતા, ''ધર્મ કર્યો થતો નથી પણ ધર્મ ધર્મી જીવના જીવન સાથે વણાઈ ગયેલો જ હોય છે.''

વારંવાર કહેતા. ''પોતાના દોષ જુઓ, તેને દૂર કરો, બીજાની પંચાત ન કરો. આપણે અનાદિકાળથી શું નથી કર્યું અને તે કેમ થાય? કોણ તે શીખવી શકે? તેઓ શું કહી ગયા છે? એ વગેરે વિચારો અને કૃપાળુ દેવ

પાસેથી જ આ બધું મળે એમ ખાત્રી કરી એક તેમને જ વળગી રહો.

પૂજ્ય માને દરેક માટે સમભાવ હતો. દરેક ધર્મ અને તેમના મહાપુરુષોના સદ્‌ગુણો સ્મરી તેમનું અંતર ઉલ્લાસતું. ઈસુના વધસ્થંભે તેમને રડાવ્યા હતા. ગોપાંગનાઓએ શ્રી કૃષ્ણની મગ્નતાએ ભક્તિ કરેલ તે ભક્તિના ગુણગ્રામ કરતા. તુકારામના અભંગો ગાતાં તેઓ થાકતા નહીં. સંત જ્ઞાનદેવ, તુલસીદાસજી, રામદાસ સ્વામી, કબીરજી, મીરાંબાઈ, સ્વામી રામકૃષ્ણ પરમહંસ સર્વેના જીવન ચરિત્રોનો તેમને સારો અભ્યાસ હતો.

દેરાવાસી, સ્થાનકવાસીનો ભેદભાવ ન હતો. ધામધૂમ કે ક્રિયાવાદ કરતાં એક સ્થળે શાંત ઉપાસના કરવામાં તેઓ વધુ માનતા.

''ઠરી અવરને ઠાર એ છે ચૌદ પૂર્વનો સાર,'' એ સિદ્ધાંત તેમણે અંગે અંગમાં ઉતાર્યો હતો. કોઈપણ જીવને તેમના તરફથી અશાતા ન મળે, તેઓ કોઈના પણ આર્તધ્યાન - રૌદ્રધ્યાનનું કારણ ન બને તેની તેઓ સતત જાગૃતિ રાખતાં અને જાણ્યે અજાણ્યે તેવું બની જાય તો અત્યંત દીનતાપૂર્વક ક્ષમા માગી સામાને પોતાનો બનાવી લેતા.

એમણે દાસત્વભાવ અણુએ અણુમાં ઉતાર્યો હતો. નિત્ય વ્યવહારની નાનામાં નાની ક્રિયા પણ પોતાના હાથે કરવામાં તેમને જરા પણ નીચાપણું લાગતું નહીં. તેમની પ્રત્યેક ક્રિયામાં અપ્રમતપણું, સુઘડતા અને ચોકસાઈ પ્રત્યક્ષ દેખાતી.

એમની સમજાવવાની શક્તિ એકદમ સરળ છતાં સચોટ હતી. સામા માણસની દરેક વાત તેઓ શાંતિપૂર્વક સાંભળતા. ભૂલ બદલ તિરસ્કાર કે ઠપકો તેઓ આપતાં જ નહીં પરંતુ સરળતાપૂર્વક દ્રષ્ટાંતો આપી સાચો માર્ગ સમજાવતા અને ઉદ્વેગનું શમન કરતા. એમના શાંત વચનોથી અનેક ઘરનાં કંકાશ શમી ગયા, શુદ્ધ વાતાવરણ પ્રસર્યું અને એકબીજાની ભૂલો પ્રત્યે સહનશીલતા અને ક્ષમાભાવ કેળવાયો.

એમનો રાગ એકદમ સ્પષ્ટ અને મધુર હતો. પ્રભુ ભજનો અને એમણે પોતે બનાવેલા ભજનો તેઓ ગાતા ત્યારે સાંભળનાર અચૂક ભક્તિમગ્ન થઈ જતો અને ફરી ફરી એમને સાંભળવા મન દોડતું.

શરીર પ્રકૃતિ ગમે તેટલી વિષમ હોય છતાં શરીર પ્રત્યે ક્યારેય પણ તેમણે મમતા બતાવી નથી. શરીર જીર્ણ થયું હોવા છતાં પણ તેઓ હંમેશા ટટ્ટાર અને સ્થિર બેસતાં, તકીયાને કે ભીંતને ટેકો આપી બેસતા જ નહીં. તેઓ કહેતા કે ટેકો માગીએ તો પ્રમાદ ઘૂસી આવે માટે સ્થિર બેસવાનું જ પ્રયોજન રાખવું જોઈએ.

બિમારીમાં તેઓ ક્યારેય પણ પ્રભુને વિસ્મરણ કરતા નહીં. પ્રભુનો જાપ તેમના શ્વાસોશ્વાસમાં જાણે વહ્યા કરતો. રાત્રે ઉંઘ ન આવે તો ઉંઘ માટે ક્યારેય દવા લેવાનું પસંદ ન કરતાં. જાગતા રહેવાથી પ્રભુનું વધુ સ્મરણ થશે એ તેમની ભાવના રહેતી. દવામાં કોઈપણ જાતનું પાપ ન હોય તેની તેઓ પ્રથમ શરત કર્યા બાદ જ દવા લેતા. દવા લેવા માટે તેમને ખૂબ આગ્રહ કરવો પડતો. અમે કહેતા, ''મા, દવા નહીં લ્યો તો કેમ ચાલશે ?'' ત્યારે હસીને કહેતા, ''ભાઈ, હવે ન ચાલ્યું તોય શું ?''

દવા લેવા માટે રોગને સાજા કરવાની ભાવના કરતાં દવા ન લેવાથી અમને દુ:ખ ઉત્પન્ન થાય તે શાંત કરવાનું વધુ કારણ હતું. મારો રોગ ક્યારે મટશે ? હું ક્યારે સાજી થઈશ ? એમ તેમણે ક્યારેય કહ્યું જ નથી. રોગને શાંતપણે વેદવાથી કર્મની નિર્જરા કરવી એ જ તેમનું ધ્યેય હતું; જાણે એક જ ભવમાં અનેક ભવનાં કર્મો ખપાવવા હોય. તે શરીર પ્રકૃતિ તેમની છેલ્લા બાર વર્ષ અસ્વસ્થ રહ્યા જ કરતી હતી. મુખ્ય દર્દ પેટનું હતું. જીભનાં સ્વાદનું તેમનામાં નામનિશાન ન હતું. ભાવવા - અભાવવા કરતાં પેટને ભાડું ચૂકવવાની તેમની ક્રિયા હતી. તેમના રોગના દુ:ખ સામેની સહનશક્તિ અજબ હતી. ક્યારેય પણ દર્દનો સીસકારો સાંભળેલ નથી. મોટા ડોક્ટરો પણ આ સહનશક્તિ અને શાંતિ જોઈ વિસ્મય પામી જતા.

તેમની જીવનભરની તપશ્ચર્યા અને સાધનાએ તેમને પ્રભુની વધુને વધુ નજીક લાવ્યા હોય તેવું તેમની

છેલ્લી બિમારી વખતે સમીપનાઓને સ્પષ્ટ લાગતું. ક્યારેક સ્મરણ પછી સવારનાં પહોરમાં તેમના મુખપર અવર્ણનીય આનંદ છવાયેલો લાગતો. અમે ખૂબ પૂછતાં પરંતુ તેમની અંતરંગ સ્થિતિ જરાપણ જાહેર ન થઈ જાય તેની તેઓ સતત કાળજી રાખતાં. ફક્ત એટલું જ કહેતા કે રાત્રે મને ખૂબ આનંદ મળ્યો; આજે સ્મરણમાં આનંદ આવ્યો. એ આનંદને માણનારા જ જાણે કે તેનું વર્ણન કરવું કેટલું દુર્લભ છે.

તેમને જીવવાની ઈચ્છા ન હતી તેમ મૃત્યુ માટે ઝંખના ન હતી. બન્ને સમાન હતું. એક પ્રભુ સ્મરણ ન વિસરાય અને સતત જાગૃતિ રહે એ એમનું ધ્યેય હતું. તેમની આ ભાવના સંપૂર્ણ ફળી હતી. તેમના અંતકાળ સુધી તેમની જાગૃતિ સતત હતી. તેમના જાપો અવિરત ચાલ્યા કરતા અને અંત સમયે પણ તેમના હોઠ અને હાથના આંગળા એક પ્રભુ પ્રભુ જ જપતા હતા, એ જ સ્મરણ હતું, એજ લય હતી.

એમના ઉપદેશ વચનો પરમ કૃપાળુ દેવની સાથે ઓતપ્રોત થયેલા હતા. પરમ કૃપાળુ દેવ પ્રત્યે તેમની અનહદ શ્રદ્ધા હતી. પરમ કૃપાળુ દેવના પુત્રી જ્વલબેન તેમની અંતકાળની સ્થિતિ વખતે કલાકો સુધી બેસતાં એ એમને ખૂબ જ ગમતું. એ પણ વિધિનો એક અદ્‌ભુત સંયોગ હતો.

તેઓ ખાસ કરીને કહેતા કે ....

(૧) એક ક્ષણનો પણ પ્રમાદ ન કરવો; બને તેટલું પ્રભુ સ્મરણ કરતાં રહેવું.

(૨) વ્યવહાર શુદ્ધ રાખવો. દરેક ક્રિયા ચોકસાઈ અને સુઘડતાથી કરવી. કોઈપણ જીવને ક્લેશના કારણરૂપ ન થવું.

(૩) બોલવામાં ખૂબ સંયમ રાખવો. દરેક વચન તોલી તોલીને બોલવા.

(૪) શરીર પ્રત્યે મોહ ન રાખવો. કોઈપણ ઉપસર્ગ આવે ત્યારે મન સ્થિર રાખી, શાંત ચિત્તે પુરુષાર્થ કરવો પરંતુ હાયવોય કરવી નહીં.

(૫) સર્વ ધર્મો પ્રત્યે સમદ્રષ્ટિ રાખવી. ધર્મ અંગે ખોટા વાદ વિવાદમાં ઉતરવું નહીં. એવા પ્રસંગે મૌન રાખવું.

(૬) ધર્મ ક્રિયાની ધાંધલ અને ધમાલથી અળગા રહેવું ને એકાંતમાં અથવા સત્સંગીઓ સાથે આત્મસાધના કરવી.

(૭) ધર્મ ક્રિયા કરતાં ઘરમાં ક્લેશ થતો હોય તો ક્લેશ કલ્પાન્ત કરાવી ક્રિયા કરવાનો આગ્રહ રાખવો નહીં.

(૮) જીવનમાં ઉપયોગ રાખવો. સાચા ખોટાનો નિર્ણય કરતાં શીખવું; થયેલી ભૂલો માટે શુદ્ધ અંતઃકરણથી માફી માગી ફરી ભૂલ ન કરવા નિશ્ચય કરવો.

(૯) હંમેશા સત્ય બોલવું, ચોરી કરવી નહીં.

(૧૦) નાના બાળકોને માર મારવો નહીં, પરંતુ નાના બાળકોને નિર્દોષ અને પ્રભુના અંશ માની, ફરજ સમજી તેમની સેવા કરવી.

(૧૧) આસને સ્થિરતાથી બેસવું, ચળવિચળ પ્રવૃત્તિ રાખવી નહીં. ટેકો આપી બેસવું નહીં. ટટ્ટાર બેસવાનો પ્રયત્ન રાખવો.

(૧૨) ભક્તિ કરવી તે અત્યંત ભાવપૂર્વક કરવી, શુષ્ક રીતે નહીં.

(૧૩) મનમાં મેલ પાપ રાખવા નહીં. હૃદયમાં એક હોય અને બીજું કહેવું નહીં.

(૧૪) પરિગ્રહ જેમ બને તેમ ઓછો કરતાં શીખવું; સંગ પ્રસંગ પણ ઓછા કરવા.

(૧૫) પોતાના દોષ વારંવાર શોધવા અને તેનો ત્વરાથી ક્ષય કરવા ખૂબ પરિશ્રમ લેવો. ત્યાં સુધી નિરાંતે બેસવું નહીં. બીજાના ગુણ જોઈ રાજી થવું.

(૧૬) હૃદયમાં પરમ કૃપાળુ દેવ બિરાજે અને જીવનમાં તેમના જ વચનામૃતોનો પ્રવાહ વહે તો પછી કોઈની પણ બીક રાખવાની નથી. **(ક્રમશઃ)**

તારા ભક્તની કઠિનાઈ

હે પ્રભુ ! જો તું ભગવાન હોત તો તારી બધી કથાઓ શાસ્ત્ર રૂપે મારી પાસે હોત;
જો તું મનુષ્ય હોત તો તારી બધી કથાઓમાં હું તારી સાથે હોત;
પણ તું તો મનુષ્ય રૂપી ભગવાન છે માટે તારી ગુપ્ત કથાઓ અને લીલાઓને મેળવું એજ તો મારી કઠિનાઈ છે.

હે પ્રભુ ! જો તું ભગવાન હોત તો મારા બધા દોષો આંખ બંધ કરીને તને કહી દેત;
જો તું મનુષ્ય હોત તો તારાથી સંકોચ હોત;
પણ તું તો મનુષ્યરૂપી ભગવાન છે, સંકોચ સાથે પણ બધા દોષ તને કહેવા એજ તો મારી કઠિનાઈ છે.

હે પ્રભુ ! જો તું ભગવાન હોત તો તારા દેવ દેવી મારી મદદ કરત;
જો તું મનુષ્ય હોત તો તું પોતેજ મારી મદદ કરત, પણ તું તો મનુષ્ય રૂપી ભગવાન છે;
તારી અદ્રશ્ય સહાયતા ને ઓળખી જવું એજ તો મારી કઠિનાઈ છે.

હે પ્રભુ ! જો તું ભગવાન હોત તો તું મારાથી બહુ દૂર હોત;
જો તું મનુષ્ય હોત તો તું મારી પાસે હોત, પણ તું મનુષ્ય રૂપી ભગવાન છે;
પાસે છતાં દૂર અને દૂર છતાં પાસે, આ વિરહ ને સમજવું એજ તો મારી કઠિનાઈ છે.

હે પ્રભુ ! જો તું ભગવાન હોત તો હું તારો પૂજારી;
જો તું મનુષ્ય હોત તો હું તારો સખા;
પણ તું તો મનુષ્ય રૂપી ભગવાન છે માટે તારો ભક્ત થઈને રહેવું એ મારી કઠિનાઈ નહીં, મારું સૌભાગ્ય છે.

હા, માનું છું કે તે આ અઘરું રૂપ ધારણ કર્યું છે માટે મારી કઠિનાઈ છે;
પણ હું પણ તારો જ ભક્ત છું; તારી જેમ અઘરા કામ કરવામાં જ મને બહુ આનંદ આવે. માટે જ્યારે...
તું કબુલ છે તો તારી આપેલી બધી કઠિનાઈ કબુલ છે.
બોલ, શું તને તારો આ ભક્ત કબુલ છે ?

■ ખુશાલી દોશી, મુંબઈ

SRATRC- KOLKATA

શ્રી રાજ સેવા સેન્ટરનું ઉદ્‌ઘાટન

સંસ્થાના કોલકાતા સેન્ટર દ્વારા ગત ૭-૮ વર્ષથી વિભિન્ન પ્રકારની માનવસેવાની પ્રવૃત્તિઓનું નિયમીત રીતે આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાં ભૂખ્યા લોકોને પ્રતિદિન ભોજનની સેવા, રક્તદાન શીબીર વગેરેનો સમાવેશ થાય છે. ભૂખ્યાને જેમ ભોજન એ એક જરૂરિયાતની વસ્તુ છે તેમ પહેરવા માટે કપડા પણ એક જરૂરિયાતની વસ્તુ છે એ વિષય ઉપર વિચાર કરતાં સંસ્થાના ટ્રસ્ટી તેમ જ કમિટી મેમ્બર્સ દ્વારા થોડા સમય પહેલાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે જરૂરિયાતમંદ લોકોને જે વપરાયેલા કપડા સારી સ્થિતિ અને આકર્ષક પેકિંગમાં હોય તે આપવાની સેવા પણ શરૂ કરવી જોઈએ.



તા. ૨૩-૦૯-૨૦૧૮ના રવિવાર સાંજે ૫.૦૦ કલાકે ભવાનીપુર વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને પહેરવા માટે કપડા મળી રહે તે માટે કોલકાતામાં સૌ પ્રથમ 'શ્રી રાજ સેવા સેન્ટર'ના યુઝડ ક્લોથસ ઈન ગુડ કંડીશનના નામે વસ્ત્ર વિતરણ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.



આ ઉપલક્ષે શ્રી રાજ સેવા સેન્ટરના કાર્યકર્તા તેમજ સંસ્થાના મુમુક્ષુ ભરતભાઈ મહેતાએ સૌપ્રથમ સર્વેનું સ્વાગત કર્યું હતું. આ સેવાકેન્દ્રનું ઉદ્‌ઘાટન કોલકાતાના વોર્ડ નં. ૭૨ના કાઉન્સેલર શ્રી સંદિપ રંજન બક્ષી તેમ જ વોર્ડ નં. ૭૦ના કાઉન્સેલર શ્રી અશીમ કુમાર બોઝ (બાબાઈદા)ના વરદ્‌ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના કમિટી મેમ્બર્સ, ટ્રસ્ટી, દાતાઓ તેમ જ મુમુક્ષુઓ ઉપસ્થિત રહ્યા હતા. બન્ને કાઉન્સેલર્સે સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલી આ સેવાને ખૂબ જ વખાણી હતી તેમ જ સેવાના ક્ષેત્રે પ્રોત્સહાન પણ આપ્યું હતું અને જરૂરિયાતમંદ લોકોને તેમણે કપડાનું વિતરણ પોતાના હાથે જ કર્યું.

શ્રી રાજ સેવા સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે જરૂરિયાતમંદ લોકોને દુર્ગાપુજાના ઉપલક્ષે નવા કપડા મળી રહે તે હેતુએ સંસ્થાના મુમુક્ષુ દ્વારા નવી ફેન્સી સાડીઓનું દાન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી નિતિનભાઈ અજમેરાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, 'સંસ્થાના સંસ્થાપક તેમજ મુમુક્ષુઓના માર્ગદર્શક પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી (પ.પૂ. પપ્પાજી) નું સૂત્ર છે કે **જે બીજાના સુખનો વિચાર કરે એ ક્યારેય દુઃખી ન હોય** અને તેને ધ્યાનમાં રાખીને સંસ્થાના કોલકાતા સેન્ટર દ્વારા માનવસેવાની વિભિન્ન પ્રવૃત્તિઓ ઘણા સમયથી સુચારૂરૂપે ચાલી રહી છે. આજે તેમાં એક મહત્વની સેવા પણ વૃદ્ધિ પામવા જઈ રહી છે. જો કોઈ આગળ આવીને આવા પ્રકારના સેવાના કાર્યો કરવા ઈચ્છે તો કોઈપણ સેવાની પ્રવૃત્તિ માટે દાતાઓની ખામી તો ક્યારેય રહેતી જ નથી.' ત્યારબાદ તેમણે શ્રી સંદિપ રંજન બક્ષીનું બહુમાન કર્યું હતું તથા દાતાઓનું અભિવાદન કર્યું હતું. શ્રી અશોકભાઈ વસાણીએ શ્રી અશીમ કુમાર બોઝ (બાબાઈદા)નું બહુમાન કર્યું હતું. આ પ્રસંગે નિરાનંદ રેસીડન્સીના માલિક તેમજ સંસ્થાના સહચારી એકમ શ્રી રાજ રોટી (ભોજન વિતરણ સેવા)ના મુખ્ય દાતા શ્રી ભરતભાઈ શાહ અને શ્રીમતી મોનાબેન શાહ તેમજ શ્રી રાજ રોટીમાં પોતાની રેસ્ટોરન્ટમાંથી સસ્તા દરે શુદ્ધ શાકાહારી ભોજન બનાવી આપનાર પરાઠા પોઈન્ટના માલિક, શ્રી વિકાસભાઈ બેરી તથા તેમના પત્ની પણ ઉપસ્થિત રહ્યા હતા.

જ્ઞાતિ અને જાતિનો ભેદભાવ છોડીને માનવસેવાના આ કાર્યમાં લાભ લેવા ઈચ્છુક દાતાઓ તેમના યુઝડ કપડા જો સારી કંડીશનમાં હોય તો પેક કરીને આ વિતરણ કેન્દ્ર પર પહોંચાડી શકે છે. સંસ્થા દ્વારા જે જરૂરિયાતમંદ લોકો છે તેના માટે એક પરિચય પત્રક પણ બનાવવામાં આવ્યું છે જેથી જેટલા બને તેટલા વધુ લોકોને આ સેવાનો લાભ મળી શકે. ◆

શ્રી આત્મસિદ્ધિ ડાયરો

ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય પરમ જ્ઞાનાવતાર પુરુષ, પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી વિરચિત જૈન ધર્મના સર્વ શાસ્ત્રોના સારરૂપ તથા મોક્ષમાર્ગને પ્રતિપાદન કરતાં સર્વ સિદ્ધાંતોને માત્ર ૧૪૨ ગાથાઓમાં સમાવી લે તેવા અપૂર્વ કાવ્ય ''શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર''ના રચના દિવસ, આસો વદ એકમના, સંસ્થા દ્વારા એક અનેરા આધ્યાત્મિક કાર્યક્રમ, 'શ્રી આત્મસિદ્ધિ ડાયરો'ની પ્રસ્તુતિ તા. ૨૫.૧૦.૨૦૧૮ના રાત્રે ૭.૩૦ કલાકે સંસ્થાના શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધ્યે કરવામાં આવી હતી જેનો લાભ સંસ્થાના આશરે ૨૦૦ મુમુક્ષુઓએ ભક્તિ ભાવપૂર્ણ લીધો હતો.


સંસ્થા દ્વારા પ્રતિ વર્ષ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર રચના દિવસને સ્મૃતિરૂપે જુદી જુદી રીતે ઉજવવામાં આવે છે, પણ આ વર્ષે તે સ્મૃતિને એક નવો જ રંગ સંસ્થાની સ્પિરિચ્યુઅલ ટીમે આપ્યો અને એક ડાયરારૂપે તેની પ્રસ્તુતી કરી હતી.

મોક્ષમાર્ગના જિજ્ઞાસુ એવા મુમુક્ષુની આત્માના અસ્તિત્વ, નિત્યત્વ, કર્તાપણા, ભોક્તાપણા અને મોક્ષ વિશેની શંકાઓનું સચોટ સમાધાન તથા મોક્ષના ઉપાયોને જેમાં અત્યંત બખૂબીથી આવરી લેવામાં આવ્યા છે તે કાવ્યને સંગીતના સથવારે સંસ્થાના એકમ 'સ્પર્શ'ના કલાકાર મુકેશભાઈ શાહે અત્યંત સુમધુર અને કર્ણપ્રિય રાગમાં ગાઈ સંભળાવી હતી. આ કાવ્યના દરેક વિભાગ પહેલાં સ્પિરિચ્યુઅલ ટીમના સદસ્યો, દિશા દોશી, વિરલ શેઠ, પુજા શાહ, શ્રેયાંસ ગાંધી અને અન્વી દામાણીએ તે વિભાગનું વિવેચન કરી કાવ્યની ગાથાઓ સાથે અનુસંધાન કર્યું હતું. ડાયરો શબ્દનો પરમાર્થિક અર્થ સમજાવતા તેમણે કહ્યું હતું કે, 'પ્રભુ સાથે ડાયરેક્ટ કનેક્શન કરાવે તે ડાયરો.' આમ ગદ્ય અને પદ્યમાં આ ડાયરાના કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓ ભાવ સાથે જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન દરેક મુમુક્ષુને પરમ કૃપાળુ દેવનું એક નાનું ચિત્રપટ આપવામાં આવ્યું હતું કે જેની ઉપર આંખોથી પોતાનું ધ્યાન કેન્દ્રિત કરીને કાવ્યના પદો અને તેના અર્થ સાંભળતા તેમની સાથે જોડાઈ શકાય. કાર્યક્રમ પૂર્ણ થતાં સર્વે મુમુક્ષુઓનો અભિપ્રાય હતો કે આ પ્રયોગ અદભુત તેમજ હૃદયસ્પર્શી રહ્યો હતો. આશરે દોઢ કલાકના આ કાર્યક્રમને સર્વેએ એકચિત્તે વગર વિક્ષેપે માણ્યો હતો.

કાર્યક્રમના અંતે ગૌતમભાઈ બાવીસીએ સર્વેને સંસ્થાના આગામી આધ્યાત્મિક કાર્યક્રમોની જાહેરાત કરીને અવગત કર્યા હતા.◆



૧૨ ભાવના કઈ ?



અનિત્યભાવના :

- શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ, પરિવારાદિક સર્વ વિનાશી છે.
- જીવનો મૂળ ધર્મ અવિનાશી છે, એમ ચિંતવવું તે અનિત્યભાવના.

અશરણભાવના :

- સંસારમાં મરણ સમયે જીવને શરણ રાખનાર કોઈ નથી.
- માત્ર એક શુભ ધર્મનું જ શરણ સત્ય છે, એમ ચિંતવવું તે અશરણભાવના.

સંસારભાવના :

- આ આત્માએ સંસારસમુદ્રમાં પર્યટન કરતાં કરતાં સર્વ ભાવ કીધા છે.
- એ સંસારી જંજીરથી હું ક્યારે છૂટીશ ? આ સંસાર મારો નથી; હું મોક્ષમયી છું; એમ ચિંતવવું તે સંસારભાવના.

એકત્વભાવના :

- આ મારો આત્મા એકલો છે, તે એકલો આવ્યો છે, એકલો જશે, પોતાના કરેલાં કર્મ એકલો ભોગવશે, અંતઃકરણથી એમ ચિંતવવું તે એકત્વભાવના.

અન્યત્વ ભાવના :

- આ સંસારમાં કોઈ કોઇનું નથી એમ ચિંતવવું તે અન્યત્વ ભાવના.

આસ્ત્રવભાવના :

- રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ઈત્યાદિક સર્વ આશ્રવ છે, એમ ચિંતવવું તે આસ્ત્રવભાવના.

સંવરભાવના :

- જ્ઞાન, ધ્યાનમાં પ્રવર્તમાન થઈને જીવ નવા કર્મ બાંધે નહીં એમ ચિંતવવું તે સંવરભાવના.

નિર્જરાભાવના :

- જ્ઞાનસહિત ક્રિયા કરવી તે નિર્જરાનું કારણ છે એમ ચિંતવવું તે નિર્જરાભાવના.

લોકસ્વરૂપભાવના :

- ચૌદ રાજલોકનું સ્વરૂપ ચિંતવવું તે લોકસ્વરૂપભાવના.

બોધદુર્લભભાવના:


- સંસારમાં ભમતાં આત્માને સમ્યક્જ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવી દુર્લભ છે.
- વા સમ્યક્જ્ઞાન પામ્યો તો ચારિત્રરૂપ ધર્મ પામવો દુર્લભ છે એમ ચિંતવવું તે બોધદુર્લભભાવના.

ધર્મદુર્લભભાવના:

- ધર્મના ઉપદેશક તથા શુદ્ધ શાસ્ત્રના બોધક એવા ગુરુ અને એવું શ્રવણ મળવું દુર્લભ છે; એમ ચિંતવવું તે ધર્મદુર્લભ ભાવના.

૧૨ ભાવનાનો અભ્યાસ શા માટે ?

- આ ૧૨ ભાવના વૈરાગ્ય નો પાયો છે.
- સમકિતના લક્ષણ પ્રાપ્ત થાય છે. (શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા)
- સમકિતની પ્રાપ્ત થાય છે.
- મુક્તિ માર્ગ તરફ લઈ જાય છે.



Way to Nirvan

UNDERSTANDING, I AM CHETAN FROM SADGURU & PRACTISING TYAAG, VAIRAGYA, VRAT-TAP, SANYAM, NIYAM WILL RESULT IN KARM NIRJRA LEADING TO NIRVAN

C CHETAN IS
H HIDDEN
E ENTITY / ELEMENT
T THAT
A ANYONE CAN
N NOT UNDERSTAND
WITHOUT SADGURU.

S SADGURU IS
A ADHAYATMA
D DOCTOR & DIVINE
G GURU WHO
U UNDERSTANDS
R RELIGION'S
U UNDERLYING MEANING.

T TYAAG MEANS
Y YOUR
A ATTACHMENT TOWARDS
A ARTICLES IS
G GIVEN UP.

V VAIRAGYA IS
A AATMA'S
I INTERNAL
R REFUSAL FOR
A ARTICLES
G GRANTED FOR
Y YOUR PAST
A AATMAWISHES / DESIRE.

S SANYAM
A AND
N NIYAM ARE
Y YOUR
A AATMA'S
M MONITOR.

V VRAT & TAP
R REGULATE & REFLECT
A AATMA'S
T TOLERANCE POWER

N NIRJRA IS
I INTERNAL
R REGRET / REPENT BEFORE
J JINESHWAR DEV TO
R RESTORE
A AATMA'S PURITY

N NIRVAN
I IS TO
R RAISE & REST OUR
V VALUED
A AATMA
N NEST TO PARMATMA
FOR ETERNAL PEACE &
HAPPINESS.

■ **Madhukar Shah**
Research Centre, Parli

કોલકાતા સેન્ટર દ્વારા ઉજવાયો.. કાર્તિક પૂર્ણિમા મહોત્સવ

શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર, પરલીના કોલકાતા સેન્ટર દ્વારા તા. ૧૬-૧૧-૨૦૧૮થી તા. ૧૮-૧૧-૨૦૧૮ના પરમાર્થિક કાર્યક્રમોનું આયોજન સંસ્થાના મુમુક્ષુઓના પરમાર્થ સખા પૂજ્યશ્રી નિલેશભાઈના સાંનિધ્યમાં કરવામાં આવ્યું હતું જેમાં સંસ્થાના સર્વે મુમુક્ષુઓએ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો.

કાર્તિક પૂર્ણિમા મહોત્સવના પ્રથમ દિવસે સાંજે ૪.૦૦ કલાકે શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધે મુમુક્ષુઓના પરમાર્થ સખા પૂજ્યશ્રી નિલેશભાઈનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થાના મીરાબહેનો સાથે તેમના પરમાર્થિક વિકાસ અંગે માર્ગદર્શન તેમણે આપ્યું હતું તેમ જ આગળ ઉપર કઈ રીતે સત્સંગ સ્વાધ્યાય કરાવવો કે જેથી સર્વેમાં 'હું આત્મા છું' એ ભાવની દ્રઢતા તેમજ વિશ્વાસ થાય તે અંગે પોતાના સુઝાવ પ્રગટ કર્યા હતા. ત્યારબાદ તેમણે હરિભાઈઓને પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી (પ.પૂ. પપ્પાજી)નો સંદેશ આપ્યો હતો તેમજ માનવસેવાને લગતાં વિવિધ કાર્યોના વિકાસ માટે પણ માર્ગદર્શન આપ્યું હતું.

કાર્તિક પૂર્ણિમા મહોત્સવના દ્વિતિય ચરણરૂપે તા. ૧૭-૧૧-૨૦૧૮ના શનિવારના દિવસે સાંજે પૂજ્યશ્રી નિલેશભાઈએ સર્વે હરિભાઈઓના પરમાર્થિક વિકાસમાં ઊભી થતી પરમાર્થ શંકાઓનું સમાધાન પોતાની સરળ તેમજ સૈદ્ધાંતિક શૈલીમાં કર્યું હતું. સર્વે મુમુક્ષુઓ તેમના સચોટ સમાધાનથી પરિતૃપ્ત થયા હતા, તેમજ આગળના પુરુષાર્થ માટે ઉલ્લાસિત પણ થયા હતા. ત્યારબાદ કોલકાતા સેન્ટરના મુમુક્ષુઓ દ્વારા ''પરમ કૃપાળુ દેવ અમારી દ્રષ્ટિએ'' નામક એક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો જેમાં સંસ્થાના સર્વે મીરાબહેનો, હરિભાઈઓ, યંગસ્ટર્સ તેમજ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાના અંતરમાં રહેલી પરમ કૃપાળુ દેવ પ્રત્યેની ભાવનાને જુદી જુદી રીતે અભિવ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં કોલકાતાના ૧૭ ગ્રુપના મુમુક્ષુઓએ પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનના જુદા જુદા પ્રસંગોનું ઊંડાણપૂર્વક અધ્યયન કરીને તેમણે કઈ રીતે વ્યવહારના પ્રસંગોમાં પણ આત્માર્થે સાધીને ઊંચી આત્મિક દશાને પામીને તેમના સમાગમમાં આવેલાં લોકોને મહાવીર સ્વામીના આત્મધર્મનું માર્ગદર્શન આપ્યું તે રહસ્યોને જુદી જુદી નાટીકા, ભાવાત્મક વક્તવ્યો તેમજ કાવ્યો દ્વારા અત્યંત સુંદર રીતે પ્રસ્તુત કર્યું હતું.

મહોત્સવના અંતિમ ચરણમાં તા. ૧૮-૧૧-૨૦૧૮ના રવિવારે સવારે પરમાર્થસખા પૂજ્યશ્રી નિલેશભાઈના પરમ સત્સંગનો સર્વેને લાભ મળ્યો હતો.

મોક્ષમાળા શિક્ષાપાઠ ૧૦૦ના આધારે આત્માર્થે મનને વાળવામાં ઉત્પન્ન થતાં અવરોધો ઉપર તેમણે ચર્ચા કરી હતી. જેમાં 'આપવડાઈ, તુચ્છ વસ્તુથી આનંદ, અતિભોગ, રસગારવલુબ્ધતા અને પારકું અનિષ્ટ ઇચ્છવું' એ મુદ્દાઓ ઉપર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. તે દોષોનું સ્વરૂપ તથા તેનાથી મુક્ત થવાના સરળ ઉપાયો પણ તેમણે જણાવ્યા હતા.

ત્યારબાદ મુંબઈથી પધારેલ સંસ્થાના ટ્રસ્ટીશ્રી જિજ્ઞેશભાઈએ સર્વેને રાજનગર, પર્લી સેન્ટરના વિકાસ માટેના આગળના પ્રોજેક્ટ્સ ઉપર પ્રકાશ પાડીને અવગત કર્યા હતા તેમજ દરેકને તે પ્રોજેક્ટ્સના સકારાત્મક અને હકારાત્મક વિચારધારાએ જોડાવાની પહેલ પણ કરી હતી. સર્વે મુમુક્ષુઓએ તેમના વક્તવ્યને ઉલ્લાસપૂર્વક સ્વીકારીને સંસ્થાના વિકાસના કોઈપણ કાર્યોમાં ઉત્સાહપૂર્વક જોડાઈ રહેવાની બાંહેધરી પણ આપી હતી. ત્યારબાદ પૂજ્યશ્રી નિલેશભાઈએ કોલકતા સેન્ટરના હેડ તરીકે ગૌતમભાઈ બાવીશીને નિયુક્ત કર્યાની ઘોષણા કરી હતી. ◆

સમાધિ મરણ

■ **પૂ. ભોગીલાલ ગિ. શેઠ** (પરમ પૂજ્ય બાપુજી)

સમાધિમરણ માટેની પૂર્વ તૈયારીઃ

પૂર્વે આટલું કહેવાઈ ગયું છે કે મરણ નિશ્ચત છે, મરણકાળ અનિયત છે; દીર્ઘ કે ટૂંકા કાળની પૂર્વ તૈયારી વિના સમાધિમરણનો અપૂર્વ લાભ સંપ્રાપ્ત થવો અસંભવિત છે. અનાદિની દેહાત્મબુદ્ધિ અને વાસના, પરપદાર્થો તથા તેના ભાવોમાં પ્રીતિપૂર્વકની આસક્તિ અથવા દ્વેષપૂર્વકની વિષમતા છે. એ આદિ ભાવો એકાએક ટળી જાય એમ બનવું સુલભ નથી. આથી જ તે પ્રકારના દોષોની ક્ષીણતા કે નિવૃત્તિ માટે પૂર્વ તૈયારીરૂપ અભ્યાસ અત્યંત આવશ્યક છે; તે અભ્યાસ ધર્મશ્રદ્ધા તેમ ધર્મરુચિ પૂર્વના સંસ્કારો જાગ્રત થવાથી, ઉપશમ સ્વરૂપ જ્ઞાની પુરુષોનાં વચનોના શ્રવણ કે વાંચનના ઉપકારી નિમિત્તથી, જ્ઞાની ભગવંતના સમાગમયોગના લાભથી કે સંસારના દુઃખરંગથી ઉત્પન્ન થવા યોગ્ય છે.

સમાધિમરણનો મૂળ પાયો છે સમ્યક્ આત્મશ્રદ્ધા કે સાચી ધર્મ શ્રદ્ધા કે દેહ અને આત્માની ભિન્નતારૂપ શ્રદ્ધા. તેવી શ્રદ્ધાની પ્રગટતા અને વર્ધમાનતા માટે અહીં પથદર્શકરૂપ સૂચનો કરવામાં આવ્યા છે; તે પર નિર્મળ અને અપક્ષપાત બુદ્ધિથી વિચાર કરતાં વૈરાગ્ય અને ઉપશમ પ્રગટવા યોગ્ય છે; દેહથી કેવળ ભિન્ન એકાંત સુખ સ્વરૂપ એવા જ્યોતિસ્વરૂપ ચૈતન્યાત્માની પ્રતીતિ સમાધિમરણની દ્યોતક છે અન આખરે તે ઠેઠ મોક્ષ સુધી પહોંચાડે છે; આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ સર્વ દુઃખથી વિમુક્ત કરે છે.

વૈરાગ્ય પ્રેરક બોધવચનો

સમાધિમરણના આકાંક્ષી ભવ્ય જીજ્ઞાસુઓએ સંસારનું, દેહનું અને ભોગનું યથાતથ્ય સ્વરૂપ વારંવાર વિચારી, તેમાંથી બોધ લઈને અંતરમાં વૈરાગ્યભાવને દ્રઢ કરતા જ રહેવું પરમ આવશ્યક છે. એવા ઉપકારી વૈરાગ્યભાવને પોષણ આપતા જ્ઞાનીપુરુષોનાં ઉપદેશવચનો જે અહીં આપીએ છીએ, તે ''સહજ સુખ સાધન'' પુસ્તકમાંથી સાભાર લેવામાં આવ્યા છે.

ભયંકર નરકગતિમાં, તિર્યંચગતિમાં અને માઠી દેવગતિ તથા મનુષ્ય ગતિમાં હે જીવ! તું તીવ્ર દુઃખને પામ્યો, માટે હવે તો જિન ભાવના (જિન ભગવાન જે પરમશાંત રસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમશાંત સ્વરૂપ ચિંતવના) ચિંતવ.

આ સંસારી જીવને રાગાદિ ભાવ થાય છે તેના નિમિત્તથી આઠ કર્મોનો બંધ થાય છે. કર્મોના ઉદયથી એક ગતિથી બીજી ગતિમાં જાય છે. જે ગતિમાં જાય છે ત્યાં સ્થુળ દેહ ધારણ કરે છે. તે દેહમાં ઈન્દ્રિયો હોય છે. તે ઈન્દ્રિયો દ્વારા ભોગ્ય પદાર્થોને ભોગવે છે અને વળી તેમાં પુનઃ રાગદ્વેષ થાય છે. એ રીતે આ સંસારરૂપી ચક્રમાં જીવનું ભ્રમણ થયા કરે છે.

- શ્રી કુંદકુંદાચાર્ય

હે ચિદાનંદ આત્મા! જ્ઞાન દ્રષ્ટિ પ્રગટ કરી જરા જુઓ. આ માતા, પિતા, ભાઈ, પુત્ર એ બધો સ્વાર્થનો વધારો છે. એ બધાને પોતાના માની, મમતાથી તેમાં મગ્ન થઈ, ભ્રમમાં ભૂલી તેં તારો પોતાનો આત્મધર્મ વિસારી મૂક્યો છે. આ કુટુંબ આદિ સર્વ તો દુઃખનું જ કારણ છે તેથી મોટા મુનિવરોએ એનો ત્યાગ કરી પોતાનું આત્મહિત કાર્ય વિચાર્યું છે. સ્વર્ગ અને મોક્ષના સુખને આપનાર એક ધર્મ જ સાર છે. જેણે આત્મધર્મનું ધ્યાન ધર્યું તે જ ભવપાર પામ્યા છે.

- શ્રી ધાનતરાયજી

આ નરદેહ પામીને શું કામ કર્યું ? સ્ત્રી, સ્ત્રી, ધન, ધન કરતો વ્યાકુળ થઈ રહ્યો છે. આ શરીર કેટલાક દિવસ, કેટલીક ક્ષણ રહેવાનું છે તો એની સોબતે આવા કાર્યો કરવા તને શોભે છે ? હે મૂઢ! તું ભ્રમમાં ભૂલી વ્યર્થ ફુલાઈ પ્રસન્ન થઈ ફરે છે. હે અચેત! તું ચેત, આજે ચેતવાનો અવસર અને સ્થાન છે. કાલે તો આ દેહરૂપી પિંજરામાંથી જીવરૂપી પક્ષી ઉડી જશે.

- ભૈયા ભગવતીદાસ

હે ચેતન! શા માટે આ કાયામાં સ્નેહ કરી રહ્યો છે, એ તારાથી જુદી છે છતાં પોતાની કરી કેમ માને છે? અજ્ઞાનથી એને તું પોતાની માની તેમાં રાજી થઈ રહ્યો છે. કાયા પ્રત્યક્ષ વિનાશી છે છતાં તું કેમ ચેતતો નથી? સર્વજ્ઞ ભગવાનની વાણીને માન્ય કરી, પ્રતીતિ કરી, પોતાનું આત્મવીર્ય પ્રગટાવી તું સુખી થા

- પં. ભગવતીદાસ

દેહમાં વસવા છતાં દેહથી જુદો કર્મોથી ભિન્ન, અનંત સુખસમુહ, અવિનાશી, પવિત્ર આત્મા છે, એવી ભાવના સદા કરવી યોગ્ય છે.

- શ્રી કુંદકુંદાચાર્ય

ઈન્દ્ર, ચક્રવર્તી, નારાયણ, પ્રતિનારાયા, ભોગભૂમિનાં યુગલિયાં મનુષ્ય પણ જ્યારે ભોગોથી તૃપ્ત થઈ શકતા નથી તો બીજા કોણ ભોગોથી તૃપ્તિ પામી શકશે ?

- શ્રી શિવકોટી આચાર્ય

જ્ઞાની વિચારે છે કે મેં આ જગતમાં સર્વ પુદગલો વારંવાર મોહને વશ થઈને ભોગવ્યા છે અને મુક્યા છે, હવે મારે સમજીને તેમાં સ્પૃહા - મમતા શી? આ જૂઠ, એંઠ જેવા ભોગોની હું હવે સમજ્યા પછી કેમ ઈચ્છા કરું ?

- શ્રી પૂજ્યપાદ સ્વામી

જેની આંખ અંધારામાં જોઈ શકે છે તેને દિપકની કાંઈ જરૂર નથી, તેમ આત્મા પોતે સહજ સુખરૂપ છે તો પછી ઈન્દ્રિયોના વિષયોની શી આવશ્યકતા છે ?

- શ્રી કુંદકુંદાચાર્ય

જ્યારે મોહરૂપી અંધકાર દૂર થઈ જાય છે, જ્ઞાન જ્યોતિનો પ્રકાશ થાય છે, તે સમયે અંતરંગમાં સહજ સુખનો અનુભવ થાય છે તથા કૃતકૃત્યપણું ઝલકે છે. જેના સ્મરણ માત્રથી જ એ જ્ઞાન જ્યોતિ પ્રગટે છે, તે ભગવાન આત્મદેવ તારા દેહદેવળમાં બિરાજે છે તો તારા પિંડમાં તું શીઘ્ર તેની ખોજ કર, બહાર ક્યાં દોડે છે ?

આ મળના બનેલા બાહ્ય શરીરથી હું ભિન્ન છું, મનના વિકલ્પોથી પણ ભિન્ન છું, શબ્દાદિથી ભિન્ન છું. હું એક ચૈતન્યમૂર્તિ છું, નિર્મળ છું, શાંત છું, સદા સહજ સુખનો ધરનાર છું. જેના ચિત્તમાં એવી શ્રદ્ધા હોય, આરંભ રહિત હોય એને સંસારથી શું ભય હોય ? તો પછી બીજા ભયનું કોઈ કારણ નથી.

- શ્રી પદ્મનંદી મુનિ.

હે મુક્તિના સ્વામી ! એક વાત તમને કહું, તમે મુક્તિ માટે યોગ્ય છતાં કયા સ્થાનકે અટકી રહ્યા છો ? તમે એવી કઈ વિચક્ષણ રીતિ ગ્રહી છે કે જોયા વગર જ ઈન્દ્રિયોના વિષયો પાછળ મોહથી ભટકો છો; હજુ જો મારું કહેવું હિતકારી છે એમ માનો તો શિખામણ આપું છું કે તમે હૃદયનો પટ કેમ ખોલતા નથી ? જુઓ તો ખરા, અંતરમાં ચૈતન્યમૂર્તિ આત્મા બિરાજે છે. તેના સ્વરૂપને નિહાળી સહજ સુખરૂપી સત્ય સુધાનું પાન કરી શકશો.

- ભૈયા ભગવતીદાસ

જે આત્મતત્વમાં સ્થિર થયા છે, તેમાં જ જેની રમણતા રક્ષા કરે છે તે તે સ્વભાવમાં એટલા લીન રહે છે કે બોલતા હોય છતાં જાણે બોલતા નથી, ચાલતા હોય છતાં ચાલતા નથી, જોતા હોય છતાં જોતા નથી. તે આત્મનંદના જ પ્રેમી રહે છે, અન્ય કાર્યમાં મન લગાવતા નથી.

- શ્રી પૂજ્યપાદ સ્વામી

આત્મજ્ઞાન જ એક અદ્‌ભુત તીર્થ છે. આ તીર્થરૂપી નદીમાં હે પંડિત જન ! ઉત્તમ સ્નાન કરો. જે અંતરંગ કર્મનો મેલ અન્ય કરોડો તીર્થરૂપ નદીઓમાં સ્નાન કરવાથી નાશ થતો નથી તેને આ આત્મજ્ઞાનરૂપી તીર્થ ધોઈ નાખે છે.

- શ્રી પદ્મનંદી મુનિ

(ક્રમશઃ)

નોંધ : પ.પૂ. બાપુજી લિખિત આ નિબંધનું સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

ઉત્તરા-પુત્ર પરીક્ષિતનો પુનર્જન્મ



અશ્વત્થામાની આ ભયંકર મેલી મુરાદ સાંભળી મેં, તરત જ ગાંડીવ સજ્જ કરીને, એના બ્રહ્માસ્ત્રને રોકવા, મારું બ્રહ્માસ્ત્ર પુનઃ છોડવાની તૈયારી કરી ત્યાં તો વાસુદેવ શ્રીકૃષ્ણ મારો હાથ પકડીને ગર્જી ઊઠ્યાઃ

''પાર્થ! સખા અર્જુન! સબૂર!!... જે થવાનું હશે તે તો થઈને જ રહેશે..''

હું કંપી ગયો અને મારાથી ઉગ્ર અવાજે બોલાઈ જવાયુંઃ ''વાસુદેવ! આપ આ શું બોલી રહ્યા છો? શું એ દુષ્ટનું બ્રહ્માસ્ત્ર પાંડવોના રહ્યા સહ્યા એકમાત્ર છેલ્લા ભાવિ વંશજને પણ ખતમ કરી નાખે, એમ આપ ઈચ્છો છો? કોઈ દિવસ નથી અવગણી પણ આજે હું આપની આજ્ઞા અવગણું છું, મને માફ કરજો!

અને મેં બ્રહ્માસ્ત્રનો પુનઃ પ્રહાર કરવા ગાંડીવની પણછ ખેંચી. પરંતુ શ્રીકૃષ્ણે ફરીથી મારો હાથ પકડીને અત્યંત દુઃખી અવાજે મને કહ્યુંઃ ''સખા પાર્થ! મારાં વચન પર વિશ્વાસ રાખ, તારા બ્રહ્માસ્ત્રને ભાથામાં પાછું મૂકી દે.

વાસુદેવ શ્રીકૃષ્ણનો આવો દર્દભર્યો અવાજ સાંભળીને હું રોમ રોમ કંપી ગયો. આ કટોકટીની પળે એમની ભવિષ્યવાણીને અવગણવા ઉત્સુક થઈ ગયો એ અક્ષમ્ય અપરાધબદલ હું મનોમન શરમાઈને ભોંઠપ અનુભવવા લાગ્યો. તત્ક્ષણ મેં ગાંડીવ ફેંકી દઈને મેં તારા મોટાભાઈના ચરણોમાં પ્રાયશ્ચિત કરવા મસ્તક ઝુકાવી દીધું.

શ્રીકૃષ્ણ અત્યંત દુઃખદ સ્વરે બોલવા લાગ્યાઃ ''પાર્થ! તારી મનોદશા અને આક્રોશ હું બરાબર સમજું છું...

પરંતુ જે હું જોઈ શકું છું તે તું નથી જોઈ શકતો એટલો જ આપણી વચ્ચે ફેર છે. અર્જુન! ભાવિ અમિથ્યા અને અટલ છે. અને તેથી માત્ર પોતાની જાન બચાવવા તેણે તારી પુત્રવધુ ઉત્તરાના ગર્ભને નિશાન બનાવી દીધું! પરંતુ ધીરજ રાખ, ભાઈ! હું તારા ક્રોધાગ્નિને તાત્કાલિક શાંત પાડવા હવે જે કહું છું તે વિશ્વાસથી સાંભળ!''

''આ નરાધમ અશ્વત્થામા હવે અમર હોવા છતાં 'જીવતે મરેલો' બ્રહ્મરાક્ષસ હોય એ રીતે યુગો સુધી ભારે અશાંતિથી રિબાઈ આ ધરતી પર ભટક્યા કરશે. અને એક બીજી વાત, જે તું તારા મનમાં જ રાખજે, જા! હું તને વચન આપું છું કે ''બ્રહ્માસ્ત્રથી મૃત્યુ પામેલા ઉત્તરાનો એ ગર્ભ જ્યારે મૃત બાળકરૂપે અવતરશે ત્યારે હું એને જીવતદાન આપીશ.''

શ્રી કૃષ્ણનો અવાજ આશ્રમના વાતાવરણમાં ક્યાંય સુધી પડઘાતો રહ્યો અને મુનિ વેદવ્યાસની આજ્ઞા લઈ અમે બન્ને ઝડપથી ત્યાંથી પાછા વળી ગયા.''

આ એક સત્યઘટના ભૈયા શ્રીકૃષ્ણ અને તમારા જમાઈ વચ્ચે અત્યંત ગુપ્ત રહેલી. દ્રૌપદીજીના પાંચેય પુત્રો હણાયા તેનો કારમો શોક ધીરે ધીરે વિસારે પાડીને તેમને અમારી પુત્રવધુ ઉત્તરાના સ્વાસ્થ્યને જાળવવા રાતદિવસ પડછાયાની જેમ એની સાથે ને સાથે રહેવા લાગ્યાં.

આ બાજુ મહાભારતનું યુદ્ધ પૂરું થયે ચાર - છ મહિના થઈ ગયા. પુત્રવધુ ઉત્તરા માટે પ્રસવકાળ તદ્દન નજીક આવી ગયો, તો બીજી બાજુ ધર્મરાજ યુધિષ્ઠિરના ચિત્તને જરાપણ ચેનશાંતિ ન હતાં. ચોવીસે કલાક તેઓ દુઃખમગ્ન અને વ્યગ્ર-વ્યથિત રહેતા હતા. તમારા જમાઈરાજથી પોતાના સત્યપ્રિય જયેષ્ઠ બંધુની આ માનસિક અશાંતિ જોઈ જતી ન હતી. તેથી, તેમણે 'અશ્વમેધ યજ્ઞ' કરવાની યોજના તૈયાર કરીને મહારાજ યુધિષ્ઠિર આગળ મુકી. ધર્મરાજે 'તમને જેમ યોગ્ય લાગે તેમ કરો' કહીને સંમતિ આપી દીધી.

અશ્વમેધ યજ્ઞની મંગલ શરૂઆત થઈ ગઈ. શોકાતુર હસ્તિનાપુરનું વાતાવરણ અશ્વમેધ યજ્ઞના પવિત્ર પ્રારંભથી કંઈક આનંદમગ્ન બન્યું. સૈનિકોમાં અનેરો ઉત્સાહ વ્યાપી ગયો. અશ્વમેધ યજ્ઞ માટે ખાસ તૈયાર કરાયેલા 'યજ્ઞકુંડ'માં, આર્યાવર્તના અનેક વંદનીય ઋષિ-મહર્ષિઓનું એક વૃંદ, પવિત્ર આહુતિઓ આપી રહ્યું હતું ત્યારે શ્રીકૃષ્ણ પણ એ યજ્ઞમંડપમાં જ એમની સમીપ વિદ્યમાન હતા.

એવામાં એક અનુચરે મહારાજ શ્રીકૃષ્ણ એકલા જ સાંભળે એ રીતે, પ્રણામ સહ સંદેશો પહોંચાડ્યો કે -

''આપની ધર્મભગિની દ્રૌપદી અને ભગિની સુભદ્રા તાત્કાલિક આપને અંતઃપુરમાં બોલાવી રહી છે. એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના આપ ત્યાં પધારો!''

મારા સુપુત્ર અભિમન્યુની વિધવા રાણી ઉત્તરાની કૂખે મૃત પુત્ર અવતર્યો હતો! સમસ્ત અંતઃપુરમાં હૈયુ ફાટી જાય એવી કારમી ગ્લાનિ છવાઈ ગઈ હતી. ઉત્તરા, પોતાની કૂખે જન્મેલા મૃત બાળકને જોતાંવેંત મૂર્છીત થઈને ઢળી પડી હતી. પેલો નવજાત મૃત પુત્ર પોતાની જયેષ્ઠ દાદીમા દ્રૌપદીજીની અશ્રુથી ભીંજાયેલી ગોદમાં ચિર નિદ્રામાં પોઢી ગયો હતો.

પ્રસૂતિ ખંડમાં ભયંકર શૂન્યકાર વ્યાપી ગયો હતો. બેહોશ ઉત્તરાનું ભાનમાં આવ્યા પછી શું થશે એ ચિંતા સૌના કાળજાને કોરી ખાતી હતી. એ જ વખતે ભૈયા શ્રીકૃષ્ણ કક્ષમાં પ્રવેશ્યા. એમના મુખારવિંદ પર તો આ ક્ષણે પણ, એમનું સદાનું મલકામણું સ્મિત લહેરાતું હતું; જે નિહાળીને, સતી દ્રૌપદી વેદનાત્રસ્ત હૃદયે પોકારી ઊઠ્યા,

''હસો! કૃષ્ણરાજ, હસો! આનંદો! મારી કૂખે જન્મેલા તો પાંચેપાંચ પાંડવપુત્રો આ યજ્ઞમાં લીલા નાળિયેરની જેમ વધેરાઈ ગયા! તમારી બહેન સુભદ્રાનો લાડકવાયો અભિમન્યુ પણ કુરુક્ષેત્રના સંહારયજ્ઞે હોમાયો! અને આજે! અમારા પાંડવવંશવેલાનું આ આખરી ફળ પણ સુકાયેલું ને ચિમળાયેલું જ અવતર્યું! તમારી બબ્બે બહેનોના દુર્ભાગ્ય પર હવે તમારે જેટલું હસવું હોય તેટલું હસો!''

વસ્ત્રહરણ વેળા ભરસભામાં પોતાની લાજ રાખનાર શ્રીકૃષ્ણને જે પોતાના 'ભગવાન' કહેતાં હતાં તેમનો

ક્રોધાગ્નિથી તપ્ત ચહેરો જોઈને અમે સૌ તો ડઘાઈ જ ગયાં. પરિસ્થિતિ પામી ગયેલા અંતર્યામીએ ચારે દિશામાં એક નજર ફેરવી લઈને પછી સતી દ્રૌપદીની પાસે આવીને કહ્યું,

''મારી પ્રિય બહેન! પંચ મહાભૂતનો બનેલો આ બાળદેહ અત્યારે તને ભલે મૃત ભાસતો હોય! પરંતુ જીવનની એક 'સત્ય પ્રતિજ્ઞા'માં એટલી પ્રચંડ-દિવ્ય તાકાત છે કે આ મૃતદેહમાં આત્માનો પુનઃપ્રવેશ પણ શક્ય છે!''

ભૈયાની દિવ્ય વાણીથી સૌ પ્રભાવિત થઈ ગયાં. પરંતુ જીવનભર દુઃખ ને દુઃખ જ વેઠીને ત્રાસી ગયેલાં દીદી દ્રૌપદીએ પ્રભુના આ પડકારને ઝીલી લેતાં પુનઃ કટાક્ષવાણી ઉચ્ચારી,

''શ્રીકૃષ્ણસખા જો શક્ય હોય તો કરો પ્રતિજ્ઞા! આણી શકો તો આણો આ મૃતદેહે પ્રાણ.''

એની સામે જોઈ સહેજ મલકીને પછી ધીરગાંભીર્ય નાદે ભાઈ વદ્યાઃ ''કૃષ્ણા! તારા સતીત્વની જ પ્રતિજ્ઞા કરું છું.'' એમ કહીને શ્રીકૃષ્ણભૈયાએ સામે પડેલી યમુનાજળની ઝારીમાંથી પોતાની અંજલિમાં નીર ગ્રહી પ્રતિજ્ઞા ઉચ્ચારીઃ

''હે આત્મા! જો દ્વાપરની સર્વશ્રેષ્ઠ સતી પાંચાલી જ હોય તો એના સતીત્વની આણ આપીને કહું છું કે તું આ નિશ્ચેતન શબમાં પ્રવેશીને આ મૃત બાળકની જીવનજ્યોત પ્રકટાવ!''

સૌ ફાટી આંખે જોઈ રહ્યા! કંઈ ન થયું. શબ નિશ્ચેતન જ રહ્યું. સતી દ્રૌપદી તો સમસમી ઊઠ્યાં. એમના સતીત્વમાં તો કોઈને પણ શંકા કરવાનું કારણ ન હતું. તો પછી આ પ્રતિજ્ઞાની આણ નિષ્ફળ કાં ગઈ? સૌ વિચારમાં પડી ગયા.

આ બાજુ, દ્રૌપદીના સતીત્વની આણ આપવા છતાં જ્યારે મૃતબાળ સળવળ્યો નહીં ત્યારે, પાંચાલીના મુખ પર રોષ અને ક્ષોભની મિશ્ર લાગણીઓ વર્તાતી હતી. ત્યાં તો ભૈયા શ્રીકૃષ્ણે બીજી આણ ઉચ્ચારીઃ

''હે આત્મા! પાંડવશ્રેષ્ઠ ધર્મરાજ યુધિષ્ઠિર આ દ્વાપરયુગના 'સર્વશ્રેષ્ઠ સત્યવાદી' માનવ હોય તો, એમના સત્યવાદીપણાની આણ આપીને કહું છું કે તું આ મૃતદેહમાં પ્રવેશીને એને સજીવન કર!'' આટલું કહીને શ્રીકૃષ્ણએ અંજલિમાં બીજીવાર લીધેલું યમુનાજળ પેલા મૃતબાળક પર છાંટ્યું.

પરંતુ આશ્ચર્ય! આ દ્વિતિય આણ પણ નિષ્ફળ ગઈ.

બાળક જીવતું થવાના કોઈજ ચિહ્નો દ્રષ્ટિગોચર ન થતાં દ્રૌપદીજીની વિહવળતા એકદમ વધી પડી. ત્યાં તો પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની તૃતિય ઘોષણા સંભળાઈઃ

''હે આત્મા! કુંતીપુત્ર અર્જુન જો આ દ્વાપરનો 'સર્વશ્રેષ્ઠ ધનુર્ધર' હોય અને પાંડવો જ જો આ 'મહાભારત'ના યુદ્ધના 'સાચા વિજેતા' હોય તો આ બન્ને ઐતિહાસિક સત્યોની આણ આપીને હું કહું છું કે આ બાળકને જીવિત કરવા એના મૃતદેહમાં પ્રવેશ કર!'' એમણે ત્રીજીવાર અંજલિમાનું જળ છાંટ્યું.

આ પ્રતિજ્ઞામાં રહેલું સત્ય તો જગજાહેર છે. હવે તો આ બાળક જરૂર આંખ ખોલશે જ. બધાની નજર એ મૃત બાળક પર સ્થિર થઈ ગઈ. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે આ ત્રીજી પ્રતિજ્ઞા આણ પણ વ્યર્થ ગઈ. દ્રૌપદીજીની ગોદમાં પડેલો માનવ બાળદેહ સહેજ પણ હાલ્યો નહીં.

એક તણખલું પડે તો યે એનો અવાજ સંભળાય એટલી નીરવ શાંતિ પ્રસરી રહી હતી. આ મૃત બાળકની જનેતા ઉત્તરા કરતાં યે વધારે દુઃખી હવે તો એનાં દાદીમા દ્રૌપદીજી થઈ રહ્યા હતાં. સામ્રાજ્ઞી દ્રૌપદી તરીકેની તેમની રૂઆબદાર પ્રતિભા મીણની જેમ ગળી ગઈ હતી. એમને પોતાની હસ્તીનું ભાન થઈ ગયું હતું. કૌરવસભામાં પોતાની લાજ લુંટાવાની પેલી માર્મિક ક્ષણ જ્યારે આવી પહોંચી ત્યારે જે શરણાગતિભાવથી ભૈયા શ્રીકૃષ્ણના નામનો આર્તનાદભર્યો પોકાર કરેલો, તેવો જ શરણાગત પોકાર અત્યારે કરીને તેઓ બોલ્યાંઃ

''મારા કૃષ્ણા પરમાત્મા! મને માફ કરી દો, તમેજ કર્તા હર્તા છો. તમે કૌરવ રાજસભાના દ્યુતભવનમાં મારી લાજ રાખી છે, પાંડવોને કુરુક્ષેત્રમાં વિજયી બનાવનાર પણ તમે જ છો, તમે જ ધનુર્ધર અર્જુનના સારથિ બનીને એના સાચા પથપ્રદર્શક બન્યા છો, અમે તો તમારી આગળ એક તણાખલા જેવાં છીએ, નાથ અમારા પર દયા કરો, પુરુવંશની આ પુત્રજ્યોતને ઉગારી લો'' અને શ્રીકૃષ્ણને કરગરી રહેલાં દ્રૌપદી ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યાં.

શ્રીકૃષ્ણના મુખારવિંદ પરનું પેલું અલૌકિક મંદ મંદ હાસ્ય પુનઃવિલાસી રહ્યું. દ્રૌપદીની આ નમ્રતાપૂર્ણ પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપતાં શ્રીકૃષ્ણા બોલી ઊઠ્યાઃ

''ધન્ય છે તું, બહેન કૃષ્ણા! તારી આ નમ્રતા, નિરહંકારિતા અને નિર્દોષતાએ જ મારા હૈયાને સદા જીતી લીધું છે. મોડું મોડું પણ તને ભાન થઈ ગયું કે આખરે તો આ માયાવી સંસારમાં જે કંઈપણ થાય છે તેનું માનવી તો નિમિત્તમાત્ર છે. કર્મફળ પ્રમાણે જે કંઈ વિધિનિર્માણ હોય તે સારું-નરસું તો થયા જ કરે છે. તેથી અત્યંત પ્રસન્ન થયેલો હું હવે ચોથી ને છેલ્લી જે 'પ્રતિજ્ઞા-આણ' આપું છું તે તું સાંભળ.'' એમ કહીને અમારા સૌના ભારે આશ્ચર્ય વચ્ચે ભૈયાએ ઝારીમાંથી બાકી વધેલું તમામ યમુનાજળ પોતાની અંજલિમાં ભર્યું અને ઉચ્ચર્યાઃ

''હે આત્મતત્વ! મારામાં જો પરમાત્મા-તત્વ હોય, મેં સદા સત્ય અને ધર્મના રક્ષણ માટે જ 'સાક્ષીભાવે' માનવસહજ કર્મો કર્યા હોય અને જો હું પૂર્ણ સંસારી હોવા છતાં 'અખંડ ને આજીવન બ્રહ્મચારી' જ હોઉં તો હે આત્મા! મારા એ સાક્ષીભાવ અને બ્રહ્મચર્યવ્રતની આણ આપીને હું તને કહું છું કે તું આ મૃત દેહધારી બાળકના શરીરમાં પ્રવેશ પામીને એને જીવતો જાગતો કર!''

અને કરાંજલિમાનું યમુનાજળ ભૈયા શ્રીકૃષ્ણે પેલા મૃત બાળદેહ પર છાંટ્યું તેની સાથેજ, પાંચાલીના ખોળામાં પડેલો એ પીંડ ધીરેથી સળવળ્યો, ધીરેથી એણે આંખ ખોલી, પછી અતિ ધીરે એ ઉત્તરાપુત્ર પરિક્ષીતે 'ઉ.વાં.ઉ. વાં.ઉ.વાં'નો હર્ષ રુદનમિશ્રિત સ્વર રેલાવતાં આખું વાતાવરણ આનંદિત પરમાનંદિત થઈ ગયું.

આ લાંબી પણ દિવ્ય ને નજરોનજર જોયેલી આ કથા મેં આપને એટલા માટે જ કહી કે તમારી સાથે સંસારનાં બંધને બંધાયેલા હોવા છતાં મારા મોટાભાઈ 'આજીવન બ્રહ્મચારી જ છે' એની આથી વધારે પ્રતીતિ બીજી કઈ હોઈ શકે ?

સુભદ્રાએ પોતાની વાત પૂરી કરી. માતેશ્વરી એક દીર્ઘ નિઃશ્વાસ નાખીને કેવળ એટલું જ બોલ્યાઃ ''દીકરી સુભદ્રે! તારી આ ઘટના સાંભળતાં સાંભળતાં મને જે વિચાર ક્યારનો યે આવી રહ્યો છે તે હવે કહું ?''

''લાલાએ આવી ચાર ચાર પ્રતિજ્ઞા આણ આપવાની કાંઈ જરૂર ન હતી! એણે કેવળ એટલું જ કહ્યું હોત કે ''આ દ્વાપરયુગના 'સતી-શિરોમણી' 'પાવિત્ર્ય-મૂર્તિ' અને 'પ્રેમલક્ષણા ભક્તિનો અવતાર' જો શ્રીરાધિકાજી હોય તો હે આત્મા! તું આ મૃતદેહમાં પ્રવેશ કર!'' તો, હું મારા લાલાના સોગંદ ખાઈને કહું છું કે પરિક્ષીત તરત જ એ આણથી સજીવન થયો હોત.

સાનંદાશ્ચર્યથી દિગ્મૂઢ થયેલી શ્રીકૃષ્ણની આઠેય રાણીઓ અને શ્રીકૃષ્ણભગિની કંઈપણ પૂછે કે બોલે એ પહેલાં તો દાઉજી આવી ગયા. એટલે આ વાત પર તાત્કાલિક પડદો પડી ગયો.

એક, બે નહીં ત્રણ ગઈ નિષ્ફળ પ્રતિજ્ઞા-આણ,
ગર્વહીન થઈ દ્રૌપદી, લાધ્યું સત્ય પ્રમાણ!

કોઈ શ્રેષ્ઠ નથી કોઈથી, માયા જગ-રમમાણ;
સાક્ષીભાવે કર્મફળ, પલટે વિધિ-નિર્માણ!!

(ક્રમશઃ)

નોંધ : શ્રી ભોગીલાલ શાહ લિખીત પુસ્તક ''શ્રી રાધાવતાર'' માંથી આ પ્રકરણ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

લગ્નપ્રસંગે ભેટ આપવા માટે આ વિકલ્પ પણ છે !

નવા વર્ષે લગ્નગાળો ચાલુ થઈ ગયો છે. લગ્ન આવે એટલે ચાંદલો કરવાનો રીવાજ તો હોય જ. પરંતુ આ વર્ષે લગ્ન પ્રસંગે પુસ્તક સિવાય એક નવતર ભેટનું ચલણ જોવા મળી રહ્યું છે. તે છે રોપા ભેટમાં આપવાનું. જાણીને નવાઈ લાગશે પરંતુ એક ભારતીય કંપનીએ રોપા ભેટમાં આપવા માટે આકર્ષક ઓફર આપવાનું ચાલુ કર્યું છે, જેથી લોકોના ઘરમાં ગ્રીન હાઉસ ગેસ એમિશન સરભર થાય. મુંબઈ સ્થિત આ કંપની દાવો કરે છે કે તેણે ૨૪.૮ લાખ વૃક્ષો વાવ્યાં છે જે લગભગ દર વર્ષે ૫ કરોડ કિલો કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે. એટલું જ નહીં, પરંતુ ૨.૦૫ લાખ દિવસોની રોજગારી પણ ઉભી કરી છે. આ કંપની વેબ આધારિત પણ છે. એટલે કે આજના આધુનિક ઈન્ટરનેટ આધારિત જમાનામાં તમે તેનો સંપર્ક વેબ પરથી પણ કરી શકો છો.

આપણે સામાન્ય રીતે કોઈના જન્મદિને પુષ્પગુચ્છ અથવા બુકે આપતા હોઈએ છીએ. આ બુકેનું પછી કચરાપેટીમાં પધરાવવા સિવાય કંઈ થતું નથી. જોકે તે પણ ફુલોના વેપારી માટે રોજગારીનું કારણ છે જ, આમ છતાં, પુષ્પગુચ્છ કરતાં પુષ્પ આપવું સારૂં. પુષ્પગુચ્છ તો પ્લાસ્ટિકમાં આવરાયેલો હોય અને તે ટેબલ એક દિવસ પુરતો શોભાવે છે. અને ઘણી વાર તો એક દિવસ પણ નહીં, કારણકે તે વ્યક્તિને એક દિવસમાં આવા અનેક પુષ્પગુચ્છ મળતા હોય. એટલે સ્વાભાવિક જ ટેબલ ખાલી રાખવા તેણે પુષ્પગુચ્છને કચરાપેટીમાં પધરાવવો જ પડે.

આની સામે આ રોપાનો વિચાર સારો છે. જ્યારે કોઇ પ્રસંગ હોય ત્યારે જો તમે રોપો આપો તો તે જો ભેટ સ્વીકારનાર વ્યક્તિ તેને બાગાયતની જાણકાર વ્યક્તિ પાસે અથવા પોતે જ્ઞાન મેળવીને પોતાના ઘરના બગીચામાં કે ગેલેરીમાં વાવે તો તેનાથી, જેમ ખિસકોલીએ રામ સેતુ બનાવવામાં મદદ કરી હતી તેવું કામ પર્યાવરણને થતું નુકસાન અટકાવવામાં ચોક્કસ થઈ શકે.

આ કંપની જાહેર જમીન પર જ વૃક્ષો વાવે છે અને તેમાં તે કોઇ કરચોરી કરતી નથી તેમ તેનો દાવો છે. તે એમ પણ દાવો કરે છે કે તે સરકારનો કોઈ ટેકો લેતી નથી. દર વર્ષે દરેક છોડનો હિસાબકિતાબ પણ રાખે છે. કોઈક છોડ કરમાઇ ગયો હોય તો તેના બદલે ફરીથી રોપો વાવે છે. નર્સરી માટે આદર્શ કદ ૨૦,૦૦૦ રોપાનું છે. અર્થાત્ એક નર્સરી કે બાગમાં તમે ૨૦,૦૦૦ રોપા વાવી શકો છો.



વૃક્ષો વાવવા એ હવામાન પરિવર્તન માટે એક ઉકેલ છે, કારણ કે ઝાડવા કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે અને બદલામાં ઓક્સિજન વાતાવરણમાં ફેલાવે છે. આ મહત્ત્વ સમજીને જ તો, છોડમાં રણછોડ છે તેવું સૂત્ર અપાયું હતું. ઉપરાંત તુલસી, બિલ્વપત્ર, રૂદ્રાક્ષ, લીમડો, પીપળો વગેરે વૃક્ષોને પવિત્ર ગણવામાં આવ્યાં હતાં.

વૃક્ષો વાવવાથી ન માત્ર પર્યાવરણને ફાયદો પહોંચે છે પરંતુ તેનાથી ગરીબોને, ગામડાઓને પણ રોજગાર મળી રહે છે.

આ કંપની ચોમાસામાં ઝાડ વાવે છે. તે ત્રાહિત કંપની કે વ્યક્તિને હિસાબકિતાબ રાખવાનું કહે છે જેથી આ રોપ ટકી રહે. આદિવાસી સહિતના સમુદાયો તેમની નજીકનાં ગામડાંઓમાં ઝાડ વાવવાની જવાબદારી આ કંપનીના કહેવાથી લે છે. ઝાડ વાવવાના વિસ્તારો પણ કાળજીપૂર્વક પસંદ કરાય છે. પસંદગીમાં પર્યાવરણ અને સામાજિક અસરોને ધ્યાનમાં રાખવામાં આવે છે. એક અનુમાન પ્રમાણે, મોટું ઝાડ ૨૦.૩ કિલો કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે અને તે જેટલો ઓક્સિજન બહાર કાઢે છે તેનાથી એક વર્ષમાં ચાર જણાના કુટુંબને પૂરતો ઓક્સિજન મળી રહે છે.

કોઈ પણ વ્યક્તિ માત્ર એક આંગળીના ટેરવે છોડનો ઓર્ડર પોતાની ઓફિસ કે ઘરેથી આપી શકે છે. તેને વ્યક્તિગત રીતે ઈ-ટ્રી સર્ટિફિકેટ પણ મળે છે.

અગાઉ પણ સ્વૈચ્છિક સંગઠનો દ્વારા વૃક્ષો વાવવાની ઝુંબેશને લોકપ્રિય બનાવવાના પ્રયત્નો થયા છે પરંતુ તે અપેક્ષાકૃત ઓછા સફળ રહ્યા છે, ત્યારે જોઇએ કે વ્યવસાયિક રીતે આ કંપનીના પ્રયાસો કેટલા સફળ થાય છે. તે સફળ થાય કે ન થાય, તે કંપની પાસેથી રોપો ખરીદો કે ન ખરીદો, પરંતુ તમારા ઘરમાં જેટલાં શક્ય હોય તેટલા રોપા તો વાવવા જ જોઈએ. ◆ **ચિત્રલેખા, ૭ ફેબ્રુઆરી, ૨૦૧૮**

Did you know?



If you're coughing uncontrollably, raise your hands above your head and it will stop!

Did you know?

Pineapple juice is 5 times more effective than cough syrup. It also prevents colds and the flu.



Cold and Sore Throat



Mix 2 teaspoons of honey with equal quantity of ginger juice. The beverage helps to remove mucus, providing relief for common cold, cough and sore throat.



Blood Pressure

Drinking pomegranate juice daily is good for the heart and useful for people who suffer from low blood pressure.

Headache



Headache caused by Summer Heat is cured by consuming watermelon juice. Just one glass a day works wonders.

Constipation & Indigestion



Before breakfast eat half a cup of cooked beet if you suffer from chronic constipation or indigestion.

Acidity



Sucking a piece of clove after a meal helps in reducing acidity.

Helpful Tips



At a Restaurant?

Wash your hands after ordering. The menu is generally the dirtiest thing you can touch!


Feelings & emotions
1
2
3
4
angry
cold
bored
exhausted
14
5
13
frustrated
happy
hot
hungry
in love
6
12
sad
scared
7
surprised
shy
tired
11
9
10
8

NATIONAL



- Justice Ranjan Gogoi sworn in as the 46th Chief Justice of India.
- The Tagore Award for Cultural Harmony conferred on Chhayanaut (a cultural organization of Bangladesh) in recognition of their outstanding contribution to cultural harmony - it played a leading role in promoting Tagore's works and Bengali culture, music and literature.
- Police have arrested 1400 people, who took part in demonstrations across Kerala against entry of women in the 10-50 age group into the Lord Ayyappa Temple at Sabarimala.
- Tushar Mehta appointed as the Solicitor General of India till June 30, 2020. Solicitor General is the second highest ranking law officer of the government after the Attorney General.
- India's longest river bridge with total length of 19.3 kilometers will be built on the Brahmaputra river in Assam.
- Hyderabad Metro becomes India's 2nd largest metro rail network, next only to Delhi.
- Former UP and Uttarakhand CM Narayan Dutt Tiwari passes away.
- The second edition of India Mobile Congress (IMC-2018) was held New Delhi from October 25-27, 2018. The theme was "New Digital Horizons. Connect. Create. Innovate."
- Maharashtra Government to convert decommissioned aircraft carrier INS Viraat into floating museum
- Justices Hemant Gupta, R. Subhash Reddy, M R Shah and Ajay Rastogi were sworn in as judges of SC

INTERNATIONAL



- Indian-American Gita Gopinath appointed as Chief Economist of International Monetary Fund (IMF).



- The UK's Information Commissioner's Office (ICO) fined Facebook 500,000 pounds for serious breaches of data protection law.
- Strong 6.8 magnitude earthquake strikes off Greece.
- China opens World's longest sea bridge – with a total length of 55 km - linking Hong Kong, Macau and Zhuhai.
- Stanford University named World's Most Innovative University.
- Mahinda Rajapaksha sworn in as Prime Minister of Sri Lanka
- India Building World's Highest Railway Line (Bilaspur-Manali-Leh), 465 km long, Rs 83,360 crore at an altitude of at 5,360 metres above mean sea level

BUSINESS

- The world's largest steel maker Arcelor Mittal has been chosen by the lenders to takeover debt-laden Essar Steel India Ltd for about Rs 42,000 crores.
- The Enforcement Directorate Friday moved a special court here to get the owners of Gujarat-based Sterling Biotech group, charged in an alleged Rs 8,100-crore bank loan fraud case.
- SEBI allows foreign entities to participate in commodity derivatives market.
- NASSCOM unveils Centre of Excellence for IT in Haryana.

SCIENCE & TECHNOLOGY

- 
Stephen Hawkings' final scientific paper on black holes has been released.
- Scientists from US claimed that they have developed world's first bioelectronic medicine which is an implantable, biodegradable wireless device that speeds nerve regeneration and improves healing of damaged nerve.
- The 27th Fusion Energy Conference (FEC 2018) was held in Gandhinagar, Gujarat. The aim was to provide forum for discussion of key physics and technology issues as well as innovative concepts of direct relevance to the use of nuclear fusion (reaction that powers Sun and stars) as a source of energy.
- Indian Railway Catering and Tourism Corporation (IRCTC) has launched an Artificial Intelligence (AI) powered chatbot– Ask Disha (Digital Interaction to Seek Help Anytime) to help its users answer various queries.
- The world's largest supercomputer Spiking Neural Network Architecture (SpiNNaker) switched on
- IIT-Madras develops solar powered portable cold storage device
- Nuclear submarine INS Arihant completes first deterrence patrol
- Shakti: IIT Madras develops India's first indigenous microprocessor

SPORTS

- Shane Warne joins MCC's World Cricket Committee
- West Indies all-rounder Dwayne Bravo announces international retirement



- Virat Kohli smashes the record of Sachin Tendulkar and becomes the fastest batsman to reach 10,000 runs in ODI




- Weightlifter Jeremy Lalrinnunga wins India's maiden gold medal at Youth Olympic Games.
- ThangjamTababi Devi clinches India's first judo medal at Youth Olympics.
- PV Sindhu only sportsperson in Forbes India's Maiden List of 22 'Tycoons of Tomorrow'



- Rahul Dravid inducted into ICC Hall of Fame
- World Wrestling Championships – 2018:
- Japan won the most medals with 5 gold, 1 silver and 4 bronze.
- Russia comes second with 8 medals
- India's performance India is at the 17th place with 2 medals - 1 silver and 1 bronze. Bajrang Punia bagged the silver medal. Pooja Dhanda won Bronze medal and became fourth Indian woman to win a medal at the World Wrestling Championship

Cucumber & Mint Salad

(Serve 4)



INGREDIENTS :

300 gms cucumber
1/2 cup pomegranate
1/2 cup mint leaves finely chopped
2 tsp sesame seeds roasted
1 green chilli finely chopped (optional)
Salt & Lime Juice to taste

METHOD :

Peel & cut the cucumber in small cubes and put it in a bowl. Add pomegranate, sesame seeds & mint leaves in the bowl. Add the finely chopped chilli. Mix well ; just before serving add salt and lemon juice. Serve chilled.

Crispy Rawa Fingers

INGREDIENTS :


1/2 cup roasted rawa
1/4 cup curd
2 boiled & mashed banana
2 finely chopped green chillies
1/2 tsp ginger paste
1/2 tsp chaat masala
1/2 jeera powder
1/2crushed pepper
1/2 tsp salt



METHOD :

Mix the rawa and curd together and leave it for 20 mins. Then add all the remaining ingredients. Mix well into a dough. Take a portion of the dough ,shape it into a cylindrical shape; roll it in corn flour and fry .Serve hot with ketchup or chutney.

તત્ત્વ પહેલી



બધા અક્ષર 'પ' થી શરૂ થશે.

આડી ચાવીઓ :

૧) સ્વસ્વરૂપની ..... કરું નહીં (૩)

૨) ..... એ એક એવી ઉત્તમ નિયમ પાળવાની પ્રતિજ્ઞા છે (૪)

૪) પદાર્થમાં અંતરંગમાં જે પરિણામ થાય છે એ એની ..... છે (૩)

૫) આત્માનો અનુભવ થાય એ પહેલાં સત્ય ..... મળે છે. (૩)

૬) આત્મા, બર્હિ આત્મા, અંતરાત્મા અને ..... (૪)

૭) વૈરાગ્ય ઉપશમનું બળ વધે એ પ્રકારનો સત્સંગ, સત્શાસ્ત્રનો ..... કરવો (૪)

૯) જીવ અનંત છે ..... પણ અનંત છે (૪)

ઊભી ચાવીઓ :

૧) પરમ કૃપાળુ દેવ સોભાગ ભાઈને કહે છે કે ''આપની સર્વોત્તમ ..... ને નમસ્કાર (૨)

૨) આત્મા સૌથી અત્યંત ..... છે (૩)

૩) જ્ઞાનીની આજ્ઞાથી જીવ ..... કરે તો તે મોક્ષના માર્ગમાં છે (૫)

૫) ..... છે તેનું પ્રબળપણું હોતું નથી (૫)

૬) અમુક કર્મો એવા છે કે જે જ્ઞાન વિચારે ..... કરવાથી નાશ થાય છે (૪)

૭) પ્રત્યેક ..... સહન કરું. (૪)

૮) મહત્ પુરુષોના આચરણ ન જોવા, અંતઃકરણ જોવું એ વધારે ..... છે (૩)

FORTHCOMING EVENTS

09th Dec. 2018	Param Gyaan Sabha	Vasant Smruti, Mumbai
24th to 28th Dec. 2018	RIYF Shibir: Swa-Arth se Shubh Aarambh 2018	Research Centre, Parli
30th Dec. 2018 to 01st Jan. 2019	Param Pujya Shree Premacharyajis Birthday Celebration	Research Centre, Parli
11th to 13th Jan. 2019	Shibir	Research Centre, Parli
19th Jan. 2019	Param Gyaan Sabha	Vasant Smruti, Mumbai
25th to 27th Jan. 2019	Sadhna Shibir	Research Centre, Parli

Shree Premacharyaji's Satsang
DAILY relay on **ARIHANT CHANNEL**
at 9 am/11.20 pm
Shree Premacharayaji's Satsang
is available live on
www.vitraagvigyaan.org

PUBLISHED BY: Printed and Published by Himanshu Gandhi on behalf of Spiritual Impressions Private Limited and Printed at M/s. Hemprints at Chowgule House, Amrut Nagar, Off. M.V. Road, Chakala Naka, Andheri (East), Mumbai 400093 and Published from 703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020.

EDITOR : Dr. Meena Goshar.

DESIGN : Hari Creation - 9561437108

CORRESPONDENCE ADDRESS

ANANYA PARIVARTAN

C/o Shrimad Rajchandra Aatma Tatva Research Centre

703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020 Tel: +91 22 22005727 Email: info@simpl.in

From Us... to You

ANANYA PARIVARTAN contains ample material for spiritual deep thinking such as discourses by an Enlightened Master, real life changing experiences of aspirants, motivational stories, health and fitness articles, funny anecdotes, puzzles and much more in 3 languages, Gujarati, Hindi and English.

Embark on a great adventure by subscribing for 1 year (Rs.400/-).

Gift a Subscription to your near and dear ones, relatives, friends, colleagues... & earn punya.

For Inquiries, contact – info@simpl.in or 22060477 or visit www.vitraagvigyaan.org

FOR ANY QUERY CONTACT

Ahmedabad	Priti Shah	09898701070	pritishah927@gmail.com
Anand	Amitbhai Shah	09824081071	pinami@yahoo.com
Bengaluru	Kiranben Sanghrajka	09448906066	kirankjs@yahoo.com
Chennai	Paresh Sanghvi	09840202363	pareshsanghvi@rediffmail.com
Delhi	Shakunji Jindal	09971947111	shakun.jql@gmail.com
Dhule	Dhirajlal P. Shah	09423324822	dpshah37@hotmail.com
Dubai	Satishbhai Pai	07045378287	satishspy@gmail.com
Gadag	Virendrabhai Lodaya	09448165256	pushpacotton@gmail.com
Hubli	Anilji Ostwal	09448453747	anilostwal@yahoo.co.in
Hyderabad	Paras Vora	09505278201	parasvora9@hotmail.com
Jabalpur	Kirtibhai Savla	09300103641	kirti_savla@yahoo.com
Jamshedpur	Meena Bhayani	09430315223	bhayanimeena10@gmail.com
Kolkata	Manojbhai Desai	09831270630	manojdesai02111962@gmail.com
Mumbai	SIMPL Office	022 22060477	info@simpl.in
Pune	Rupesh Gopani	07875786100	rgopani@gmail.com
Rajkot	Yogenbhai Doshi	09824429750	yogen72@gmail.com
Rajnandgaon	Sagar Jain	09827977880	sagar.sagarjain@gmail.com
Raipur	Vikas Kocheta	08871912349	kocheta.vk@gmail.com
USA	Hetalbhai Shah	+1 (647)283-4292	hetalshah71@yahoo.com
USA	Reenaben Shah	+1(818) 859-8183	reena_shah1@hotmail.com
Vadodara	Priyaben Vashi	09376238819	priyavashi24@yahoo.co.in

SPONSORSHIP – GYAN DAAN
For ANANYA PARIVARTAN

ANANYA PARIVARTAN is our organization's spiritual magazine aimed to spread the principles of Vitraag Vigyaan. Commercial advertisements are not accepted to respect spiritual sanctity. However, we offer several Gyan Daan opportunities to one and all. Sponsor an issue or a page on birthdays, anniversaries and other occasions and earn Punya. Gyan Daan is considered to be one of the best forms of Donation and it helps to shed off layers of ignorance from the Soul – Aatma.

Annual	**: Rs. 3,00,000/- (For all 6 issues)**
One Issue	**: Rs. 50,000/-**
Back Cover	**: Rs. 9,000/-**
Inside Front Cover	**: Rs. 7,500/-**
Inside Back Cover	**: Rs. 6,000/-**
Centre Spread	**: Rs. 11,000/-**

FOR SPONSORSHIP, PLEASE CONTACT:

Dr. Meena Goshar : 09819317038, mgoshar@yahoo.com
Sanjiv Rawell : 09820186548, sanjurawell@gmail.com
Pratibha Chheda : 09324715450, pratibhachheda06@gmail.com
Dina Shah : 09833822320, dinashah09@gmail.com

Shrimad Rajchandra Aatma Tatva Research Centre
703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020. Tel: +91 22 22060477 **Email :** info@simpl.in

Subscription Year : April to March

SUBSCRIPTION RATES

❖ **One Year : Rs. 400/-**

ANANYA PARIVARTAN
SHRIMAD RAJCHANDRA AATMA TATVA RESEARCH CENTRE
703, Sharda chambers,15 New Marine Lines, Mumbai-400020
Contact No: 022-22060477 **Email:** info@simpl.in **website:** www.vitraagvigyaan.org

Annual Subscription Form
(Please fill the form in capital letters)

Name of the Subscriber: _____

Address of Delivery : _____

_____ Landmark: _____

City: _____ PinCode: _____ State:_____ Country: _____

Tel: (R)_____ (O)_____

Mobile:_____E-mail:_____

Mode of payment: Cash / Cheque / DD No. _____ Dated _____

Drawn on Bank _____ for **Rs.** _____/-

(Rupees _____ **only).**

Date: ___/___/_____ Signature of the Subscriber

* Subscription form should be sent to the above address.

Any amount payable can be directly deposited by cheque in any branch of **Indian Bank Current A/c No. 6145603669** (Cumballa Hill) for credit of "**Shrimad Rajchandra Aatma Tatva Research Centre".** Please email to info@simpl.in after making deposit in Bank.

ભક્તોનો હૃદયસ્પર્શ









With Best Compliments From
Minakshi D. Sanghrajka & Family, Banglore

MISSION 2020 - GALA LAUNCH







